દાવો રજુ કર્યા તારીખ :– ૨૬/૦૪/૨૦૧૭
દાવો નોંધ્યા તારીખ :– ૨૬/૦૪/૨૦૧૭
દાવાનો નિર્ણય તારીખ :– ૨૩/૦૬/૨૦૨૬
સમયગાળો:– વર્ષ : માસ : દિવસ
૦૯ ૦૧ ૨૮

****
મોડાસાના મે. પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટ સમક્ષ,
મુ.મોડાસા
****

સ્પે.દિવાની મુકદમા નં.૧૧/૨૦૧૭
આંક–

વાદીઓ:– (૧) ખાંટ છબાજી ગંભીરજી ગુજરતા વારસો...
(૧/૧) ખાંટ હીરાજી છબાજી ગુજરતા વારસો...

(૧/૧/૧) ખાંટ મંગુબેન હીરાજીના વિઘવા

(૧/૧/૨) <u>ખાંટ ઘુળાજી હીરાજી ગુજરતા વારસો...</u>

(૧/૧/૨/૧) ખાંટ મઘીબેન ઘુળાજી,

(૧/૧/૨/૨) ખાંટ કપીલાબેન ઘુળાજી,

(૧/૧/૨/૩) ખાંટ ભરતભાઈ ઘુળાજી,

(૧/૧/૨/૪) ખાંટ કોકીલાબેન ઘુળાજી,

(૧/૧/૨/૫) ખાંટ ભુરાજી ઘુળાજી,

(૧/૧/૩) <u>ખાંટ જવાનજી હીરાજી ગુજરતા વારસો</u>

(૧/૧/૩/૧) ખાંટ ચંપાબેન જવાનજીના વિઘવા ઓરત

(૧/૧/૩/૨) ખાંટ કમલેશભાઈ જવાનજી

(૧/૧/૩/૩) ખાંટ પારૂલબેન જવાનજી

(૧/૧/૪) ખાંટ શંકાબેન હીરાજી

(૧/૧/૫) ખાંટ શારદાબેન હીરાજી

(૧/૧/૬) ખાંટ કાંતાબેન હીરાજી

(૧/૨) ખાંટ પ્રતાપજી છબાજી ગુજરતા વારસો ...

(૧/૨/૧) ખાંટ ખાંટ કોદરીબેન પ્રતાપજીના વિધવા ઓરત

(૧/૨/૨) ખાંટ લીલાબેન પ્રતાપભાઈ

(૧/૨/૩) ખાંટ પ્રેમીલાબેન પ્રતાપભાઈ

(૧/૨/૪) ખાંટ કૈલાસબેન પ્રતાપભાઈ

(૧/૨/૫) ખાંટ ડાહીબેન પ્રતાપભાઈ

(૧/૨/૬) ખાંટ રાજેશભાઈ પ્રતાપભાઈ

(૧/૨/૭) ખાંટ તારાબેન પ્રતાપભાઈ

(૧/૩) ખાંટ સોનીબેન છબાજી ગુજરતા વારસો...

(૧/૩/૧) પરમાર રમીલાબેન જેમાજી

(૧/૩/૨) પરમાર ઉદાભાઈ જેમાજી

(૧/૪) ખાંટ સુબાબેન છબાજી ગુજરતા વારસો...

(૧/૪/૧) કટારા શાંતાબેન ગમાજી

(૧/૪/૨) કટારા અરજણજી ગમાજી

(૧/૪/૩) કટારા બાબુભાઈ ગમાજી

(૧/૪/૪) કટારા મંગળભાઈ ગમાજી

(૧/૪/૫) કટારા શંકરભાઈ ગમાજી

(૧/૪/૬) કટારા મંજુલાબેન ગમાજી

(૧/૪/૭) કટારા કાળાભાઈ ગમાજી ગુજરતા વારસો...

(૧/૪/૭/૧) કટારા કૈલાસબેન તે કાળાભાઈ ગમાજીનીવિધવા

(૧/૪/૭/૨) કટારા ધર્મેશભાઈ કાળાભાઈ

(૧/૪/૭/૩) કટારા નિમેશભાઈ કાળાભાઈ

(૧/૪/૭/૪) કટારા નિમાબેન કાળાભાઈ

(૧/૫) ખાંટ રાજીબેન છબાજી

(૧/૬) ખાંટ સોમીબેન છબાજી

(૧/૭) <u>ખાંટ ચંચીબેન છબાજી ગુજરતા વારસો...</u>

(૧/૭/૧) ઠાકરડા અંબાલાલ મગનજી

(૧/૭/૨) ઠાકરડા ભુપતજી મગનજી

(૧/૭/૩) ઠાકરડા ધુળીબેન મગનજી

(૧/૮) <u>ખાંટ રૂખીબેન છબાજી ગુજરતા વારસો...</u>

(૧/૮/૧) પરમાર રમેશભાઈ જુગાભાઈ,

(૧/૮/૨) પરમાર ઉષાબેન જુગાભાઈ,

તમામ પુખ્તવયના, <u>રે. બાજકોટ</u>–

તા.મોડાસા–જી.અરવલ્લી.

–:વિરૂધ્ધ:–

પ્રતિવાદીઓ:–(૧) રબારી ભીખાભાઈ મહીજીભાઈ
રે. પાલુન્દ્રા–તા.દહેગામ–જી.ગાંધીનગર

(૨) <u>ખાંટ ગલબાજી ગંભીરજી ગુજરતા વારસો...</u>

(૨/૧) ખાંટ કેશાજી ગલબાજી

(૨/૨) ખાંટ બબાજી ગલબાજી

(૨/૩) ખાંટ કાળીબેન ગલબાજી

તમામ પુખ્તવયના,તમામ રે.બાજકોટ–તા.મોડાસા–જી.અરવલ્લી.

<u>દાવો:– રૂ. ૬,૫૧૦૦૦/– ના આંકથી દસ્તાવેજ રદ કરવા તથા કાયમી મનાઈ હુકમ મેળવવા માટેનો તથા વેચાણ કરારનું પાલન કરાવવા તથા ડેકલેરશન માટેનો દાવો.</u>

****

વાદી તરફે વિ.વ.શ્રી વી.એમ.પટેલ
પ્રતિવાદી નં.૧ તરફે વિ.વ.શ્રી બી.એમ.કોઠારી
પ્રતિવાદી નં.ર/૧ થી ર/૩ તરફે ડી.સી.ડામોર

****

-: ચુકાદો :-

આ કામના વાદીઓ બાજકોટ ગામે રહે છે અને ખેતીનો વ્યવસાય કરે છે. મોજે મોડાસા તાલુકો બાજકોટ ગામની સીમમાં ખાતા નં.૨૧૧ બ્લોક/સર્વે નં.૧૪ જેનો જુનો સર્વે નં.ર નું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૧-૬-૯૦ છે. જેના હદખૂંટની વિગત નીચે મુજબ છે.

<u>ખાતા નં.૨૧૧ બ્લોક/સર્વે નં.૧૪ જેનો જુનો સર્વે નં. ૨ ના હદખૂંટની વિગત નીચે મુજબ છે.</u>

પૂર્વે :-બાજકોટ ગામ જવાનો આર.સી.સી. રોડ આવેલ છે.

પશ્ચિમે :-ખાંટ કાળાજી ધુળાજીની જમીન આવેલ છે.

ઉત્તરે :-ગણેશપુર જવાનો ડામર રોડ આવેલ છે.

દક્ષિણે :-કાચો રસ્તો - નાણીયું આવેલ છે.

એ રીતેના ચાર હદખૂંટ વચ્ચે આવેલ ખેતીની જમીન, હવેથી આ કામે ટુંકમાં <u>દાવાવાળી જમીન</u> તરીકે સંબોધીશું.

સદર દાવાવાળી જમીન મોજે મોડાસા તાલુકો બાજકોટ ગામની સીમમાં ખાતા નં.૨૧૧ બ્લોક/સર્વે નં.૧૪ જેનો જુનો સર્વે નં, ૨ નું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૧-૬-૯૭ તમો વાદીઓના મર્હુમ પિતાશ્રી ખાંટ છબાજી ગંભીરજીનાઓને પ્રતિ.નં.ર મર્હુમ ખાંટ ગલબાજી ગંભીરજીનાઓએ વર્ષ-૧૯૬૩ માં રૂ.૩૦૦/- વેચાણ કિંમતથી લેખિત કરારથી આપેલ છે. ત્યારથી સદર દાવાવાળી જમીનનો પ્રત્યક્ષ કબજોભોગવટો તમો વાદીઓના મર્હુમ પિતા ખાંટ છબાજી ગંભીરજીનો હતો અને તેમના અવસાન બાદ, તમો વાદીઓનો છે.આમ, તમો વાદીઓ દાવાવાળી જમીનમાં ૧૯૬૩ થી માલીકી હકકે કબજેદાર છો અને તમો વાદીઓ ખેતી કરી ઉપજ નિયમીત રીતે મેળવો

છો. જે સૌ કોઈની તેમજ પ્રતિ.નં.૨/૧ થી પ્રતિ.૨/૩ નાઓની જાણમાં છે.

સદર દાવાવાળી જમીન તમો વાદી નં.૧/૧/૨, વાદી નં.૧/૧/૩/૨, વાદી નં. ૧/૨ નાઓ ખેતી કરી નિયમીત રીતે ઉપજ મેળવો છો. દાવાવાળી જમીનમાં તમો વાદીઓના બે રહેણાંકના પાકા મકાન આવેલ છે. આમ, આ દાવાવાળી જમીન તમો વાદીઓની કબજાભોગવટાની છે અને છેલ્લા પર–પ૩ વર્ષથી તમો વાદીઓ દાવાવાળી જમીનમાં ખેતી કરો છો. ચાલુ વર્ષે શિયાળાની સીઝનમાં તમો વાદીઓએ ઘઉંનો પાક લઈ લીધેલ છે. તેનું હુસેલ સ્થળ ઉપર છે.તેમજ દિવેલાનું વાવેતર કરેલ છે.તે દિવેલા પાંચ ફુટ જેટલા ઉભા છે.આમ દાવાવાળી જમીન તમો વાદીઓના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં છે.

દાવાવાળી જમીન શરૂઆતમાં બીન પિયત હતી. તેથી તમો વાદીઓએ દાવાવાળી જમીન પિયત કરી છે. દાવાવાળી જમીન વાદી નં.૧/૨ નાઓંની મોજે બાજકોટ સીમના સર્વે નં.૨૭ જુનો સર્વે નં.૩૪૪ માં આવેલ કુવાથી પિયત કરી છે. તેમજ દાવાવાળી જમીનમાં પી.વી.સી.પાઈપની લાઈન નાખેલી છે. તમો વાદીઓ પી.વી.સી. લાઈનની આશરે લંબાઈ ૧૭૦૦ ફુટ છે.આમ, દાવાવાળી જમીન તમો વાદીઓના કબજા ભોગવટામાં માલીકી હકકે છે.

દાવાવાળી જમીન તમો વાદીઓની સંયુકત માલીકી કબજાભોગવટાની છે. પરંતુ, તમો વાદીઓ તમોના હકક મુજબ દાવાવાળી જમીનની વહેચણી કરી દીધેલ છે. અને દાવાવાળી જમીનમાં તમો વાદીઓની વહેચણી મુજબ સ્થળે કબજોભોગવટો છે. દાવાવાળી જમીન કુલ બે હિસ્સામાં વહેચાયેલી છે. દાવાવાળી જમીન ઉત્તર થી દક્ષિણ તરફ ઢોળાવવાળી છે. તમો વાદીઓના સ્થળે કરેલ હિસ્સા મુજબ તમોના કબજાભોગવટામાં છે. દાવાવાળી જમીનની ઉત્તર–દક્ષિણ બાજુમાં બે હિસ્સાઓ છે. આમ દાવાવાળી જમીનની સ્થળ સ્થિતી જોતા પણ દાવાવાળી જમીન તમો વાદીઓ પ્રત્યક્ષ કબજાભોગટામાં

હોવાનું પ્રસ્થાપીત થાય છે.

દાવાવાળી જમીનના તમામ પ્રકારના ઉપકર તમો વાદીઓ ભરો છો. દાવાવાળી જમીનના તમામ પ્રકારના વેરો ભર્યાની પહોચો તથા સદર દાવાવાળી જમીન ઉપર આવેલ બે પાકા મકાનો તથા મકાનો સાથે હળ–બળદ, લાકડું તમો વાદીઓના કબજામાં છે.

સદર દાવાવાળી તમો વાદીઓના કબજાભોગવટાની જમીન ખેતીની જમીન જેનો ખાતા નં.૨૧૧ બ્લોક/સર્વે નં. ૧૪ જેનો જૂનો સર્વે નં. ૨ નું ક્ષેત્રફળ હૈ.આરે.ચો.મી.. ૧૬–૯૦ છે. આ કામના પ્રતિ. નં. ૨ /૧ થી ૨/૩ નાઓએ તેઓનો સદર દાવાવાળી જમીનમાં પ્રત્યક્ષ કબજોભોગવટો કે માલીકી હકક હીત ન હોવાછતાં, સદરહું દાવાવાળી જમીનનો પ્રતિ.નં.૧ નાને તા.૯–૯–૧૬ ના રોજ સદર દાવાવાળી જમીનનો રજીસ્ટર્ડ દસ્તાવેજથી કરી આપેલ છે.જે દસ્તાવેજ તમો વાદીઓને અંધારામાં રાખી કરી પ્રતિ.નં.૧ સાથેના મેલાપીપણામાં કરી આપેલ છે.જે અંગેની તમો વાદીઓ વતી વાદી નં.૧/૨ નાએએ સદર વેચાણ બાબતે વાંધો રજુ કરતા મોડાસા મામલતદાર સાહેબની કાર્ટમાં આર.ટી.એસ.કેસ નં.૨૬/૨૦૧૬ થી કેસ ચલાવેલ છે.જે કેસમાં વાદી નં.૧/૨ નાઓ વીરૂધ્ધ મોડાસા મામલતદારશ્રીએ હુકમ કરેલ છે.તેમજ સદર દાવાવાળી જમીનના પાણીપત્રક તમો વાદીઓના લાભમાં તા.૨૧–૫–૧૬ ના રોજ મોડાસાના મામલતદારશ્રીની કોર્ટમાં પાણીપત્રક કેસ નં.૨/૧૫ થી તમો વાદીઓના લાભમાં હુકમ કરેલ છે.જે હુકમની સામે પ્રતિ.૨/૧ થી ૨/૩ નાઓએ નાયક કલેક્ટરશ્રીની કોર્ટમાં સદર હુકમ રદ કરેલ છે.જે નાયબ કલેકટરશ્રી મોડાસાનાઓના રદ કરેલ હુકમ સામે તમો વાદીઓ વતી વાદી નં.૧/૨ નાઓએ કલેક્ટરશ્રી અરવલ્લીનાઓની કાર્ટમાં આર.ટી.એસ.રીવીઝન કેસ નં.૫૧/૧૬ થી દાખલ કરેલ છે.જે હાલ પેન્ડીંગ છે.

તમો વાદીઓ દાવાવાળી જમીનના માલીક છો. તેમજ દાવાવાળી જમીન તમો વાદીઓના પ્રત્યક્ષ કબજાભોગવટામાં છે. છેલ્લા ૫૩ વર્ષથી

દાવાવાળી જમીન આ દાવાના મર્હુમ પ્રતિ.નં.૨ નાએ વાદી નં.૧ નાને વેચાણ ખતથી વેચાણ કરી આપેલ છે. ત્યારથી તમો વાદીઓના પ્રત્યક્ષ શાંન્ત કબજા ભોગવટામાં છે જેથી તમો વાદીઓને સમયમર્યાદાના કાયદાની જોગવાઈઓ મુજબ એડવર્સ પજેશનથી માલીક બનેલ છ અને ઉપર જણાવેલ મુજબની તકરાર રેવન્યુ કોર્ટમાં ચાલુ હોવા છતાં,પ્રતિ.નં.૨/૧ થી પ્રતિ.નં.૨/૩નાઓએ દાવાવાળી જમીનમાં કોઈ જ હકક–હીત ન હોવા છતાં,લાગ–ભાગ ન હોવા છતાં,પ્રતિ.નં.૧નાઓને દાવાવાળી જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે.અને સદર હું વેચાણ દસ્તાવેજની નોંધ મંજુર થતાં, પ્રતિવાદીઓ, તમો વાદીઓ પાસેથી દાવાવાળી જમીનનો કબજો ડીસપજેસ કરવા પ્રયત્ન કરી રહ્યા છે. છેલ્લા ચારેક દિવસથી પ્રતિ.નં.૧ નાએ દાવાવાળી જમીન ઉપર અવાર–નવાર આવે છે અને તમો વાદીઓને દાવાવાળી જમીનનો કબજો છોડી દેવા ધાક–ધમકીઓ આપે છે.તથા ઝગડો કરવાનો, મારઝુડ કરવાનો પ્રયત્ન કરે છે. આમ, પ્રતિવાદીઓ તમો વાદીઓને દાવાવાળી જમીનનો કબજો મેળવવા કટીબદ્ધ થયા છે. આ કામના પ્રતિવાદીઓ આપ ના. કોર્ટના મનાઈ હુકમ સીવાય માને તેમ નથી.તેથી આ દાવો વચગાળાના મનાઈ હુકમની દાદ સહીત મનાઈ હુકમ માટે આપ ના. કોર્ટમાં કરીએ છીએ.

તમો વાદીઓનો દાવો પ્રાયમાફેસી છે. બેલેન્સ ઓફ કન્વીનીયસ પણ તમો વાદીઓના લાભમાં છે. દાવાવાળી જમીન તમો વાદીઓના મર્હુમ પિતાએ ૧૯૬૩ થી વેચાણ રાખ્યા ત્યારથી તમો વાદીઓના શાંન્ત કબજા ભોગવટામાં છે. તમો વાદીઓને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો, તમો વાદીઓને પારાવાર નુકશાન થાય જેનો બદલો પૈસાથી કે અન્ય રીતે વળી શકે નહી. આ દાવાના પ્રતિવાદીઓ તમો વાદીઓ પાસેથી દાવાવાળી જમીનનો કબજો છીનવી લે તો, તમો વાદીઓને ભુખે મરવાનું વારો આવે, આમ, તમો વાદીઓને ખુબ જ હાર્ડશીપ ભોગવવી પડે તેમજ તમોના કાયદેસરની મિલ્કત પરત્વેનો હકક નષ્ટ થાય તમો વાદીઓને માગ્યા

મુજબનું મનાઈ હુકમ આપવામાં આવે તો, પ્રતિવાદીઓને કોઈ જ નુકશાન થાય તેમ નથી.તેમજ અગવડ પડે તેમ નથી.સમન્યચયાયની દ્રષ્ટીએ પણ તમો વાદીઓને મનાઈ હુકમ મળવા પાત્ર છે.

<u>આ દાવાનું કારણઃ–</u>

આ દાવાનું કારણ સદર કામના પ્રતિવાદીઓએ છેલ્લા ચાર દિવસથી દાવાવાળી જમીનમાં આવી, તમો વાદીઓને દાવાવાળી જમીનનો કબજો છોડી દેવા ધાક–ધમકી આપી ત્યારથી તથા ધમકી આપવાનું ચાલુ રાખેલ છે. ત્યારથી આપ ના.કોર્ટની હકુમતમાં ઉપસ્થિત થયેલ છે.

<u>સબબ આ દાવો કરી દાદ માંગીએ છીએ કે:–</u>

(અ) તમો વાદીઓની દાવાવાળી જમીન સ્વતંત્ર માલીકી અને પ્રત્યક્ષ કબજાભોગવટાની ખેતીની જમીન મોજે મોડાસા તાલુકો બાજકોટ ગામની સીમમાં ખાતા નં.૨૧૧ બ્લોક/સર્વે નં.૧૪ જેનો જુનો સર્વે નં. ૨ નું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૧–૬–૯૦ નો રજી.વેચાણ દસ્તાવેજ નં.૩૧૮૨ રૂ.૫,૫૧,૦૦૦/– તા.૯–૯–૧૬ નો મોડાસા સબ–રજીસ્ટ્રાર કચેરીએ નોંધાયેલ છે. તે દસ્તાવેજ ખોટો હોઈ, રદ –બાતલ જાહેર કરવા હુકમ કરવા મે.કરશોજી.

(બ) આ દાવાના પેરા–૧માં જણાવેલ હદખૂંટ વચ્ચેની દાવાવાળી જમીન મોજે મોડાસા તાલુકો બાજકોટ ગામની સીમમાં ખાતા નં.૨૧૧ બ્લોક/સર્વે નં.૧૪ જેનો જુનો સર્વે નં. ૨ નું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૧–૬–૯૦ સર્વે નં. ૨ નું ટ્રોત્રફળ હે.આરે.ચો.મી.૧–૬–૯૦ તે દાવાવાળી તમો વાદીઓની માલીકી કબજા ભોગવટાની જમીનમાં આ કામના પ્રતિવાદીઓ, તેમના માણસો,તેમના સગા–સંબંધીઓ,તેમના એજન્ટો,નોકરો પ્રવેશ કરે–કરાવે નહી. તથા દાવાવાળી જમીનનો કબજો તમો વાદીઓ પાસેથી પડાવી લે–લેવડાવે નહી. દાવાવાળી જમીનમાં ખેતી કામ કરતા તમો વાદીઓને અડચણ –અંતરાય ઉભો કરે–કરાવે નહી. તેવો વાદીઓના લાભમાં તથા પ્રતિવાદીઓ વિરૂધ્ધ કાયમી હુકમ કરવા મે.કરશોજી.

(ક) આ કામના પ્રતિવાદી નં.૨/૧ થી ૨/૩ નાઓના મર્હુમ પિતા ખાંટ ગલબાજી ગંભીરજીનાઓએ દાવાવાળી જમીનનો ૧૯૬૩ માં તમોના મહુમ પિતાને કરેલ વેચાણ ખત મુજબનું પાલન કરે તે પ્રકારે હુકમનામુ કરી આપવા મે.કરશોજી.

(ડ) આ દાવાના પેરા–૧ માં જણાવેલ હદખૂંટ વચ્ચેની મોજે મોડાસા તાલુકો બાજકોટ ગામની સીમમાં ખાતા નં.૨૧૧ બ્લોક/સર્વે નં.૧૪ જેનો જુનો સર્વે નં. ૨ નું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૧–૬–૯૦ છે. દાવાવાળી જમીનના તમો વાદીઓ છેલ્લા ૫૩ વર્ષથી એડવર્સ પજેશનથી તથા વેચાણ ખતથી માલીક કબજેદાર બનેલ છો . તેવો ઠરાવવા હુકમ કરવા અરજ છે.

(ઈ) સદર દાવાવાળી જમીનનો પ્રતિ.નં.૨/૧ થી ૨/૩ નાઓએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી પ્રતિ.નં.૧ નાઓને વેચાણ આપેલ છે.તે દાવાવાળી જમીન પ્રતિ.નં.૧ અન્યને વેચાણ યા અન્ય કોઈ રીતે તબદીલ કરે–કરાવે નહી, કે તેની સ્થળ સ્થિતિમાં ફેરફાર કરે–કરાવે નહી. કે તેની સ્થળ સ્થિતિમાં ફેરફાર કરે–કરાવે નહી. અને યથાવત સ્થિત જાળવી રાખે અને સદરહું દાવાવાળી જમીન ઉપર અન્ય કોઈપણ સંસ્થાનો નાણાંકીય બોજો કરાવે નહી.તેવો હુકમ કરવા મે. કરશોજી.

(એફ) આ દાવાના સંજોગો જોતાં, આપ ના.કોર્ટને યોગ્ય લાગે તે દાદ અપાવવા મે.કરશોજી.

(૨) આ કામે પ્રતિવાદીઓને ધોરણસરની બજવણી થઈ ગયેલ હોય. સદર કામના પ્રતિવાદી નાઓ પોતાના વકીલશ્રી મારફતે હાજર રહેલ અને આંક–૧૩ થી લેખીત જવાબ રજુ કરેલ છે જે વંચાણે તથા લક્ષમાં લીધા અને જેમાં જણાવેલ છે કે,

(૧) વાદીની મજકુર દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજ ખરી નથી, કબુલ તેમજ કાયદેસર નથી અને રદ થવાને પાત્ર છે.

(૨) વાદીએ કરેલ મજકુર દાવા અરજીને સમયમર્યાદાનો બાધ ચોખ્ખે ચોખ્ખો નડે છે અને તે કારણે દાવા અરજી પ્રતિવાદી નં. ૪ તથા ૫ વિરુધ્ધ ટકી

શકતી નથી અને તેવા કારણસર કામચલાઉ મનાઈ અરજી પણ ટકી શકતી નથી.

(૩) વાદીની મજકુર દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજ ખોટી અને ગેરકાયદેસર છે.

(૪) વાદીની મજકુર દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજને કોઝ ઓફ એકશનનો બાધ નડે છે.

(૫) મજકુર દાવા અરજીનો ધી કોડ ઓફ સીવીલ પ્રોસીજરના ઓર્ડરના–૨ રુલ ૨ની જોગવાઈઓનો બાધ નડે છે તથા સ્પષ્ટપણે ધી કોડ ઓફ સીવીલ પ્રોસીજરની કલમ–૯નો પણ બાધ નડે છે, તેથી વાદીની તમામ અરજો રદ થવાને પાત્ર છે.

(૬) મજકુર દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજી યોગ્ય સ્વરુપમાં નથી.

(૭) વાદીએ ના.કોર્ટ સમક્ષ મેલા હાથે આવેલ હોઈ અને તે રીતે તેમની દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજીમાં સાચી હકીકતો મહત્વની તમામ છુપાવી છે તથા ખોટી રજુઆત કરી ધાર્યા ન્યાયીક હુકમો ગેરકાયદેસર રીતે મેળવવા પ્રયત્ન કરેલ છે, તેથી પ્રાથમિક દ્રષ્ટિએ જ મજકુર દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજી ટકી શકે તેમ નથી.

(૮) મજકુર દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજીમાં વાદીએ માગ્યા મુજબની દાદ પ્રાથમિક દ્રષ્ટિએ જ મળવા પાત્ર નથી જેથી દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજી પણ ટકી શકે તેમ નથી.

(૯) વાદીએ તેમની દાવા અરજીનો આંક બાંધી કોર્ટ ફી સ્ટેમ્પ અપૂરતો લગાડેલ હોઈ દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજી રદ કરવાને પાત્ર છે.

(૧૦) મજકુર વાદીની દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજીને નોન જોઈન્ડર ઓફ પાર્ટીઝ તથા મીસ જોઈન્ડર ઓફ પાર્ટીઝનો બાધ છે, જે મુજબ મહત્વના પક્ષકારની ખામીના પરીણામે વાદીની દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજી રદ થવાને પાત્ર છે.

(૧૧) મજકુર દાવા તથા કામચલાઉ મનાઈ અરજી શુધ્ધબુધ્ધિપૂર્વકનાનથી.

(૧૨) મજકુર દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજીને કોન્ટ્રકટ એકટની જોગવાઈઓનો બાધ નડે છે.

(૧૩) મજકુર દાવા અરજી બાબતે ના. કોર્ટની પુરતી હકુમત પહોંચતી ન હોઈ તેવા કારણસર દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજી રદ થવાને પાત્ર છે.

(૧૪) મજકુર દાવો કાયદાકીય જોગવાઈઓ વિરુધ્ધ એટલે કે ટ્રાન્સફર પ્રોપર્ટી એકટ તથા કોન્ટ્રાક્ટ એકટનો બાધ નડે છે તેથી તે ટકી શકે તેમ નથી.

(૧૫) મજકુર દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજી યોગ્ય સ્વરુપમાં નથી, આથી પણ તે ટકી શકે તેમ નથી.

(૧૬) વાદીની દાવા અરજીને એવીડન્સ એકટની કલમ–૧૧૫નો બાધ નડે છે તેથી પણ દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજી ટકી શકે નહીં.

(૧૭) આ લેખીત જવાબમાં સ્પષ્ટપણે કબુલ કર્યા સિવાયની મજકુર દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજીની કોઈ હકીકત ખરી નથી, ગળેપડુ છે અને કબુલ નથી.

(૧૮) વાદીની દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજના પેરા નં.૧ની હકીકત અંગે વાદી જણાવે છે તે પ્રમાણેની હકીકત વાદીએ પુરાવાસહ સાબીત કરવી જોઈએ.

(૧૯) વાદીની દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજના પેરા નં. ૨ની વાદી જણાવે છે તે પ્રમાણેની હકીકત પ્રતિવાદી નં. ૧ કબુલ રાખતા નથી કે, સદર દાવાવાળી જમીન મોજે મોડાસા તાલુકો બાજકોટ ગામની સીમમાં ખાતા નં. ૨૧૧ બ્લોક/સર્વે નં. ૧૪ જેનો જુના સર્વે નં. ૨નું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧–૦૬–૯૦ ચો.મી. વાદીઓના મર્હુમ પિતાશ્રી ખાંટ છબાજી ગંભીરજીનાઓને પ્રતિવાદી નં. ૨ મર્હુમ ખાંટ ગલબાજી ગંધીરજીનાઓએ વર્ષ–૧૯૬૩માં રૂા.૩૦૦/– વેચાણ કિંમતથી લેખિત કરારથી આપેલ હોઇ ત્યારથી સદર દાવાવાળી જમીનનો પ્રત્યક્ષ કબજો ભોગવટો વાદીઓના મર્હુમ પિતા ખાંટ છબાજી ગંભીરજીનો હોઈ અને તેમના અવસાન બાદ વાદીઓના હોઈ વાદીઓ દાવાવાળી જમીનમાં ૧૯૬૩થી માલીકી હકકે કબજેદાર હોઈ

અને વાદીઓ ખેતી કરી ઉપજ નિયમિત રીતે મેળવતા હોઈ તેમ જે સૌ કોઈની તેમજ પ્રતિવાદી નં:. ૨/૧ થી પ્રતિવાદી નં. ૨/૩નાઓની જાણમાં છે.

(૨૦) વાદીની દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજના પેરા નં. ૩ની વાદી જણાવે છે તે પ્રમાણેની હકીકત પ્રતિવાદી નં. ૧ કબુલ રાખતા નથી કે દાવાવાળી જમીન વાદી નં. ૧/૧/૨ વાદી નં. ૧/૧/૩/૨, વાદી નં. ૧/૨નાઓ ખેતી કરી નિયમિત રીતે ઉપજ મેળવી દાવાવાળી જમીનમાં વાદીઓના બે રહેણાંકના પાકા મકાન આવેલ હોઈ દાવવાળી જમીન વાદીઓની કબજા ભોગવટાની હોઈ છેલ્લાં ૫૨–૫૩ વર્ષથી વાદીઓ દાવાવાળી જમીનમાં ખેતી કરતા હોઈ તેમ ચાલુ વર્ષે શિયાળાની સિઝનમાં વાદીઓએ ઘઉનો પાક લઈ લીધેલ હોઈ તેમ હુસેલ સ્થળ ઉપર હોઈ તેમજ દિવેલાનું વાવેતર કરેલ હોઈ તેમ તે દિવેલા પાંચ ફુટ જેટલા ઉભા હોઈ તેમ દાવાવાળી જમીન વાદીઓના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં છે.

(૨૧) વાદીની દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજના પેરા નં. ૪ની વાદી જણાવે છે તે પ્રમાણેની હકીકત પ્રતિવાદી નં. ૧ કબુલ રાખતા નથી કે, દાવાવાળી જમીન શરૂઆતમાં બીનપિયત હોઈ વાદીઓએ દાવાવાળી જમીન પિયત કરતા હોઈ દાવાવાળી જમીન વાદી નં. ૧/૨નાઓની મોજે બાજકોટ સીમના સર્વે નં. ૨૭જુનો સર્વે નં. ૩૪૪માં આવેલ કુવાથી પિયત કરતા હોઈ તેમ દાવાવાળી જમીનમાં પી.વી.સી. પાઈપની લાઈન નાંખેલી હોઈ વાદીઓ પી.વી.સી. લાઈનની આશરે લંબાઈ ૧૭૦૦ ફુટ હોઈ તેમ દાવાવાળી જમીન વાદીઓના કબજા ભોગવટામાં માલીકી હકકે છે.

(૨૨) વાદીની દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજના પેરા નં. ૫ની વાદી જણાવે છે તે પ્રમાણેની હકીકત પ્રતિવાદી નં. ૧ કબુલ રાખતા નથી કે, દાવાવાળી જમીન વાદીઓની સંયુક્ત માલીકી કબજા ભોગવટાની હોઈ તેમ વાદીઓ હકક મુજબ દાવાવાળી જમીનની વહેંચણી કરી દીધેલ હોઈ તેમ દાવાવાળી જમીનમાં વાદીઓની વહેંચણી મુજબ સ્થળે કબજો ભોગવટો હોઈ તેમ દાવાવાળી જમીન કુલ બે હિસ્સામાં વહેચાયેલી હોઈ તેમ દાવાવાળી જમીન કુલ બે હિસ્સામાં વહેંચાયેલી હોઈ તેમ દાવાવાળી જમીન ઉત્તરથી દક્ષિણ તરફ ઢોળાવવાળી હોઈ વાદીઓના સ્થળે કરેલ હિસ્સા મુજબ વાદીઓના કબજા ભોગવટામાં હોઈ તેમ દાવાવાળી જમીનની ઉત્તર દક્ષિણ

બાજુમાં બે હિસ્સાઓ હોઈ તેમ દાવાવાળી જમીનની સ્થળ સ્થિતિ જોતા પણ દાવાવાળી જમીન વાદીઓ પ્રત્યક્ષ કબજા ભોગવટામાં હોવાનું પ્રસ્થાપિત થાય છે.

ઉપરોકત પેરાની હકીકતે વાદીએ પોતાની કહેવાતી વહેંચણી સાબીત કરી શકતા નથી.

(૨૩) વાદીની દાવા અરજી તથા કામચલાઉ મનાઇ અરજના પેરા નં. ૬ની વાદી જણાવે છે તે પ્રમાણેની હકીકત અમો પ્રતિવાદી નં. ૧ કબુલ રાખતા નથી કે, દાવાવાળી જમીનના તમામ પ્રકારના ઉપકર વાદીઓ ભરતા હોઈ તેમ દાવાવાળી જમીનના તમામ પ્રકારના વેરો ભર્યાની પહોંચો તથા સદર દાવાવાળી જમીન ઉપર આવેલ બે પાકા મકાનો તથા મકાનો સાથે હળ, બળદ, લાકડું વાદીઓના કબજામા છે.

(૨૪) વાદીની દાવા અરજી તથા કામચલાઉ મનાઇ અરજના પેરા નં. ૭ની વાદી જણાવે છે તે પ્રમાણેની હકીકત પ્રતિવાદી નં. ૧ કબુલ રાખતા નથી કે, દાવાવાળી વાદીઓના કબજા ભોગવટાની જમીન ખેતીની જમીન જેનો ખાતા નં. ૨૧૧ બ્લોક/સર્વે નં. ૧૪ જેનો જુનો સર્વે નં. ૨નું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧–૬–૯૦ હોઈ પ્રતિવાદી નં. ૨/૧ થી ૨/૩નાઓએ તેઓનો સદર દાવાવાળી જમીનમા પ્રત્યક્ષ કબજો ભોગવટો કે માલીકી હકક હિત ન હોવા છતાં દાવાવાળી જમીનનો સદરહુ દાવાવાળી જમીનનો પ્રતિવાદી નં. ૧નાને તા. ૦૯–૦૯–૧૬ના રોજ સદર દાવાવાળી જમીનનો રજીસ્ટર્ડ દસ્તાવેજથી કરી આપેલ છે.

તેમજ આ પેરાની હકીકત વાદીઓએ પુરાવાસહ સાબિત થવી જોઈએ કે, દસ્તાવેજ વાદીઓને અંધારામાં રાખી કરી પ્રતિવાદી નં. ૧ સાથેના મેળાપીપણામાં કરી આપેલ હોઈ જે અંગેની વાદીઓ વતી વાદી નં. ૧/૨નાઓએ સદર વેચાણ બાબતે વાંધો રજુ કરતા મોડાસા મામલતદાર સાહેબની કોર્ટમાં આરટીએસ કેસ નં. ૨૬/૨૦૧૬થી કેસ ચલાવેલ હોઈ તેમ કેસમાં વાદી નં. ૧/૨નાઓ વિરૂધ્ધ મોડાસા મામલતદારશ્રીએ હુકમ કરેલ હોઈ તેમ સદર દાવાવાળી જમીનના પાણી પત્રક વાદીઓના લાભમાં તા. ૨૧–૦૫–૧૬ના રોજ મોડાસાના મામલતદારશ્રીની કોર્ટમાં પાણી પત્રક કેસ નં.૨/૧૫થી વાદીઓના લાભમાં હુકમ કરેલ હોઈ તેમ હુકમની સામે

પ્રતિવાદી નં. ૨/૧ થી ૨/૩નાઓએ નાયક કલેકટરશ્રીની કોર્ટમાં સદર હુકમ રદ કરેલ હોઈ નાયબ કલેકટરશ્રી મોડાસાનાઓના રદ કરેલા હુકમ સામે વાદીઓ વતી વાદી નં. ૧/૨નાઓએ કલેકટરશ્રી અરવલ્લીનાઓની કોર્ટમાં આરટીએસ રીવિઝન કેસ નં. ૫૧/૨૦૧૬થી દાખલ કરેલ હોઈ પેન્ડીંગ છે.

(૨૫)વાદીની દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજના પેરા નં. ૮ની વાદી જણાવે છે તે પ્રમાણેની હકીકત પ્રતિવાદી નં. ૧ કબુલ રાખતા નથી કે, વાદીઓ દાવાવાળી જમીનના માલીક હોઈ તેમ દાવાવાળી જમીન વાદીઓના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં હોઈ છેલ્લાં ૫૩-વર્ષથી દાવાવાળી જમીન દાવાના મર્હુમ પ્રતિવાદી નં. ૨નાએ વાદી નં. ૧નાને વેચાણ ખતથી વેચાણ કરી આપેલ હોઈ તેમ ત્યારથી વાદીઓના પ્રત્યક્ષ શાંત કબજા ભોગવટામાં હોઈ વાદીઓને સમયમર્યાદાના કાયદાની જોગવાઈઓ મુજબ એડવર્સ પઝેશનથી માલીક બનેલ હોઈ ઉપર જણાવેલ મુજબની તકરાર રેવન્યુ કોર્ટમાં ચાલુ હોવા છતાં પ્રતિવાદી નં. ૨/૧ થી પ્રતિવાદી નં. ૨/૩નાઓએ દાવાવાળી જમીનમાં કોઈ જ હકક હિત ન હોવા છતાં લાગભાગ ન હોવા છતાં પ્રતિવાદી નં.૧નાઓને દાવાવાળી જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપેલ હોઈ તેમ સદરહુ વેચાણ દસ્તાવેજની નોંધ મંજુર થતા પ્રતિવાદીઓ વાદીઓ પાસેથી દાવાવાળી જમીનનો કબજો ડીસપજેસ કરવા પ્રયત્ન કરી રહયા હોઈ તેમ છેલ્લાં ચારેક દિવસથી પ્રતિવાદી નં.૧નાએ દાવાવાળી જમીન ઉપર અવારનવાર આવતા હોઈ તેમ વાદીઓને દાવાવાળી જમીનનો કબજો છોડી દેવા ધાક ધમકીઓ આપતા હોઈ તેમ ઝગડો કરવાનો, મારઝુડ કરવાનો પ્રયત્ન કરતા હોઈ તેમ પ્રતિવાદીઓ વાદીઓને દાવાવાળી જમીનનો કબજો મેળવવા કટ્ટીબધ્ધ થયા હોઈ તેમ પ્રતિવાદીઓ આપ નામદાર કોર્ટના મનાઈ હુકમ સિવાય માને તેમ ન હોઈ આ દાવો વચગાળાના મનાઈ હુકમની દાદ સહિત મનાઈ હુકમ માટે નામદાર કોર્ટમાં કરેલ છે.

(૨૬) વાદીની દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજના પેરા નં. ૯ની વાદી જણાવે છે તે પ્રમાણેની હકીકત તદન ખોટી અને ગેરકાયદેસરની છે કે, વાદીઓનો દાવો પ્રાયમાફેસી હોઈ તેમ બેલેનસ ઓફ કન્વીનીયસ વાદીઓના લાભમાં હોઈ તેમ દાવાવાળી જમીન વાદીઓના મર્હુમ પિતાએ ૧૯૬૩થી વેચાણ રાખ્યા ત્યારથી વાદીઓના શાંત કબજા ભોગવટામાં હોઈ તેમ

વાદીઓને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીઓને પારાવાર નુકશાન થાય તેમ જેનો બદલો પૈસાથી કે અન્ય રીતે વળી શકે નહીં તેમ પ્રતિવાદીઓ વાદીઓ પાસેથી દાવાવાળી જમીનનો કબજો છીનવી લે તો વાદીઓને ભુખે મરવાનું વારો આવે, વાદીઓને ખુબ જ હાર્ડશીપ ભોગવવી પડે તેમજ વાદીઓના કાયદેસરની મિલકત પરત્વેની હકક નષ્ટ થતો હોઈ તેમ માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદીઓને કોઈ જ નુકશાન થાય તેમ ન હોઈ તેમજ અગવડ પડે તેમ હોઈ સમજ્યાયની દ્રષ્ટીએ પણ વાદીઓને મનાઈ હુકમ મળવા પાત્ર છે.

(૨૭) વાદીની દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજના પેરા નં. ૧૦ની વાદી જણાવે છે તે પ્રમાણેની હકીકતે દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજીનું કારણ પ્રતિવાદીઓએ તરફથી છેલ્લા ચાર દિવસથી દાવાવાળી જમીનમાં આવી વાદીઓને દાવાવાળી જમીનનો કબજો છોડી દેવા ધાક ધમકી આપી ત્યારથી તથા ધમકી આપવાનું ચાલુ રાખેલ હોઈ તેમ ત્યારથી નામદાર કોર્ટની હકુમતમાં ઉપસ્થિત થયેલ છે.

ઉપરોકત પેરાની બાબતે વાદીઓ પોતે સમયમર્યાદા બહારની દાવા અરજી લાવી તે અંગે કાયદેસરનું કારણ અરજો લાવવા જણાવતા નથી અને વાદીઓ પોતે સને ૧૯૬૩માં થયેલ કહેવાતા લખાણ આધીન દાવા અરજ કરેલ હોઈ અને તે રીતે લગભગ ૫૫ વર્ષ વિતી ગયા બાદ નામદાર કોર્ટની મદદ મેળવવા માટે દિવાની સ્વરૂપે તકરાર કરી રહયા હોઈ તે રીતે સને ૧૯૬૩ બાદ વાદીઓ પોતે સુષુપ્ત અને મૌન રહેલા હોઈ તે સંજોગોમાં વાદીની દાવા અરજી તથા તે સાથે લાવેલ કામચલાઉ મનાઈ અરજી કોઈપણ રીતે કોઈપણ પ્રકારે મંજુર થવાને પાત્ર ન હોઈ તેવા સંજોગોમાં આ સાથે અલાયદી અરજી પ્રતિવાદી નં. ૧ રજુ કરે છે.

(૨૮) વાદીએ કરેલ અરજોના કામે અમો પ્રતિવાદી નં. ૧ તરફે ખરી હકીકત એવા પ્રકારે છે કે,

મજકુર દાવાવાળી જમીન જે મોજે મોડાસા તાલુકો બાજકોટ ગામની સીમમાં ખાતા નં. ૨૧૧ બ્લોક/સર્વે નં. ૧૪ જેનો જુના સર્વે નં. ૨નું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧–૦૬–૯૦ ચો.મી. તરીકે આવેલ છે તેના ઉપર વાદીઓ

તમામ માલીક તરીકે ન હોઈ અને માલીકી હકકની બાબત વાદીઓ પુરવાર કરી શકતા ન હોઈ બનાવટી વેચાણ લેખ વાદીઓ તરફે ઉભો થયેલ હોઈ અને તે પણ સને ૧૯૬૩માં (જેની તારીખ વાદીઓ જણાવતા નથી) તે આધારે દાવાવાળી જમીન ઉપર પોતે માલીક થયેલા હોઈ અને તે રીતે દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજીના પેરા નં. ૨માં વાદીઓ જણાવી અને ત્યારબાદ તે લખાણના આધારે પોતે કાયદેસરનો વેચાણ હકક રેકર્ડ આધીન હોઈ તેમ જણાવતા નથી અને વાદીઓ દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજીના પેરા નં. ૨માં લેખિત કરાર જણાવતા હોઈ પરંતુ પોતે આ લેખિત કરારના વિશેષ પાલન માટે સને ૧૯૬૩થી કોઈ જ કાયદાકીય પ્રયત્ન વાદીઓ તરફથી થવા પામેલ નથી અને હાલની કરેલ દાવા અરજીમાં પણ વાદીઓ આવી હકીકત બતાવતા નથી અને જણાવતા નથી.

વધુમાં પ્રતિવાદી નં. ૧નાએ દાવાવાળી જમીન ઉપર કરેલ દસ્તાવે કાયદેસરનો હોઈ અને કાયદાકીય જોગવાઈ મુજબનો હોઈ વાદીઓએ પોતાનું નામ રેકર્ડ આધીન દાખલ કરવા કાર્યવાહી ચોકકસપણે કરેલ છે જે દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજીના પેરા નં. ૭માં જણાવેલ છે પરંતુ રેવન્યુ રેકર્ડ ઉપર કાયદેસરનો વેચાણ હકક ધરાવી તે પ્રમાણે નોંધ પડાવવા કોઈ કાર્યવાહી કરેલ કરાવેલ નથી તે સ્પષ્ટ કાયદાની હકીકતે વાદીની અરજો ફગાવી દેવાને પાત્ર છે.આ કામે વાદીઓ તથા પ્રતિવાદી નં. ૨ એક જ કોમના છે અને પ્રતિવાદી નં. ૨ સાથે કોઈપણ પ્રકારના સંબધે વાદીઓ તરફે સને ૧૯૬૩માં કરાર સ્વરૂપનું લખાણ ઉપસ્થિત કરેલ હોઈ તેમ બનવા પાત્ર છે. પરંતુ તે કહેવાતા કરાર લખાણથી કાયદેસરનો હકક દાવાવાળી જમીન ઉપર વાદીઓ અગર તો વાદીઓ તરફે તેમના પુરોગામીને મળી શકતો નથી પરંતુ વાદીઓ પોતે બહોળું કુટુંબ ધરાવતા હોઈ જુથબંધીવાળા હોઈ અને તે રીતે દાવાવાળી જમીન ઉપર ખોટા હકકો ઉભા કરી દાવાવાળી જમીન ઉપર પ્રતિવાદી નં. ૧નાએ મેળવેલ કાયદેસરના વેચાણ હકકો જે વેચાણ દસ્તાવેજ નોંધણી કરી મેળવેલ હોઈ તેને નુકશાન પહોંચાડવા અને રેકર્ડ ઉપર કાયદેસરના હકકો માલીકીપણાના પ્રતિવાદી નં. ૧ લાગુ પાડીએ તેમાં રૂકાવટ કરવાનો ઈરાદો વાદીઓનો છે.

તેમજ વાદી પોતે પોતાનો કહેવાતો લેખ રજીસ્ટર્ડ થયેલ ન હોય અને

જે તે વેચાણ વ્યવહાર કહેવાતો પ્રતિવાદી નં. ૨નાની સાથે વાદીએ કરેલ કરાવેલ હોય તે અંગે પ્રતિવાદી નં. ૧ની કોઈ જવાબદારી લાગુ પડતી નથી અને વેચાણ દસ્તાવેજથી પ્રતિવાદી નં. ૧ બોનાફાઇડ પર્ચેઝર બનેલા હોય તે રીતે કાયદેસરના હક્કો માલીકી ધોરણે મેળવતા ભોગવતા, ધારણ કરવા પાત્ર તમામ પ્રતિવાદી નં. ૧ને તબદીલ કરેલા હોય તે સંજોગોમાં એકાએક વાદી પોતાનો કહેવાતું લખાણ જે સને ૧૯૬૩નું રેકર્ડ ઉપર ન લાવી હાલની કાયદાકીય તકરારે લાવી પ્રતિવાદી નં. ૧ને નાહકની પરેશાનીમાં નાખી દીધેલ છે અને તે કારણે વાદીની અરજો નામંજુર થવા પાત્ર છે.

જેથી વાદી પોતે પોતાના હકકોમાં સ્પષ્ટ ન હોઈ અને ખોટી રીતે ગેરહકક્કે ગેરકાયદેસર રીતે અરજો કરેલ હોઈ તે કાયદાકીય પ્રક્રિયા મુજબ તેમજ કાયદાનું પ્રસ્થાપિત સિધ્ધાતોને આધીન જેનો ખુલાસો પ્રતિવાદી નં. ૧ વિરુદઘ વાદીએ અરજો લાવવાની બાબતે બતાવેલ હોઈ તેમ જણાવી અને પ્રતિવાદી નં. ૧ને હેરાન પરેશાન કરવા અને ખોટી રીતે દાવા અરજ તથા કામચલાઉ મનાઈ અરજ લાવેલા હોઈ તે ફગાવી દેવાને પાત્ર છે.

તેમજ વાદીએ કરેલ દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજીમાં વાદી પોતે ખોટા હોય તે સંજોગોમાં વાદી પોતે દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજી લાવવાનું કાયદેસરનું કારણ સ્પષ્ટ કરતા ન હોય અને તે અંગે વિગતવાર ખુલાસો આવી અરજોમાં કરેલ ન હોય તે કારણે પ્રતિવાદી નં. ૧ના વિરુધ્ધ દિવાની સ્વરૂપે તકરારો ઉઠાવી અત્રે નામદારની હકુમતમાં દાવા અરજ દાખલ કરેલ છે પરંતુ વાદીની હાલની સદરી દાવા અરજી વાદીના કરેલ કાયદાકીય ખુલાસે ચાલતા પાત્ર ન હોય અને તેનું મુખ્ય કારણ વાદીએ પોતે કોઝ ઓફ એકશન ન્યાયીકપણામાં અરજોમાં ન જણાવી અને ખુલ્લે ખુલ્લી રીતે સમયમર્યાદા બહારની અરજો નામદાર કોર્ટમાં લાવેલા હોય તે માટે આ સાથે અલાયદી અરજ દાવા અરજ રદ કરવા પ્રતિવાદી નં. ૧ રજુ કરે છે. જે ધ્યાને લઇ અરજો તાકિદે રદ થવાને પાત્ર છે.

આમ, વાદીએ દાવાવાળી જમીન ઉપર ખોટા હકકો ઉભા કરવા અને ખોટો હકક દાવો ઉભો કરેલ છે તેને કાયદો સમર્થન આપતું નથી અને તે સંજોગોમાં કાયદેસરનો પાઠ ભણાવવા સક્ષપણાનો હુકમ કરી દાવા અરજ રદ કરવા અને હેવી કોસ્ટ પ્રતિવાદી નં. ૧ને અપાવવા અરજ કરેલ છે.

(૩) આ કામે વાદી તરફે નીચે મુજબનો પુરાવો રજુ થયેલ છે :–

વાદી તરફે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો :–

અ.નં.	આંક	**પુરાવાની વિગત**
૧	૮૭	દાવાવાળી જમીનનો પ્રતિ.ર/૧ થી ર/૩ નાઓએ પ્રતિ.નં.૧ નાઓને કરી આપેલ રજી.દસ્તાવેજની ખરી નકલ.
ર	૮૮	દાવાવાળી જમીનનો પ્રતિ.ર/૧ થી ર/૩ નાઓના મર્હુમ પિતાશ્રીએ વાદીઓના મર્હુમ પિતાશ્રીને કરી આપેલ વેચાણ ખતની ખરી નકલ
૩	૮૯	વાદીઓના મર્હુમ પિતા ખાંટ છબાજી ગંભીરજી ગુજરતા વારસોના પેઢીનામાની ખરી નકલ
૪	૯૦	દાવાવાળી જમીનના ૭ નો ઉતારાની ખરી નકલ.
૫	૯૧	દાવાવાળી જમીનના ૧ર નો ઉતારાની ખરી નકલ.
૬	૯ર	દાવાવાળી જમીનનો મોડાસાના મામલતદારશ્રીએ પાણીપત્રક કેસ નં.ર/૧૫ના હુકમની ઝેરોક્ષ નકલ.
૭	૯૩	દાવાવાળી જમીનનો પ્રતિ.ર/૧ થી ર/૩ નાઓએ પ્રતિ.નં.૧ નાઓને વેચાણ કરી આપેલ તે વેચાણઅંગે વાદીઓએ લીધેલ વાંધા અરજના કામે મોડાસા મામલતદારશ્રીએ આર.ટી.એસ.કેસ નં.ર૬/૧૬ ના હુકમની ખરી નકલ.
૮	૯૫	વાદીઓના સર્વે નં.૧૪ માં વાદીનં.(૧/૧/ર) ખાંટ ધુળાજી હીરાજીના રહેણાંકના મકાનમાં આવેલ ઘર વપરાશના વીજ કનેકશન બીલની ખરી નકલ
૯	૯૬	વાદીઓના સર્વે નં.૧૪ માં વાદીનં.(૧/૧/૩) ખાંટ જવાનજી હીરાજીના રહેણાંકના મકાનમાં આવેલ ઘર વપરાશના વીજ કનેકશન બીલની ખરી નકલ
૧૦	૯૭	ભરવાડ ડાહ્યાભાઈ કાનાભાઈનું વાદીઓ તરફે એફીડેવીટ
૧૧	૯૮	ભરવાડ વાહનભાઈ ભગાભાઈનું વાદીઓ તરફે એફીડેવીટ

૧૨	૯૯	ખાંટ સરદારજી ભુપતજીનુ વાદીઓ તરફે એફીડેવીટ
૧૩	૧૦૦	ખાંટ જામાજી ધુળાજીનુ વાદીઓ તરફે એફીડેવીટ
૧૪	૧૦૧	ભરવાડ પુંજાભાઈ બેચરભાઈનું વાદીઓ તરફે એફીડેવીટ
૧૫	૧૦૨	રાવળ કાંન્તીભાઈ જેણાભાઈનુ વાદીઓ તરફે એફીડેવીટ
૧૬	૧૦૩	ખાંટ મગનજી નાનાજીનુ વાદીઓ તરફે એફીડેવીટ
૧૭	૧૦૪	ડાભી શકરાજી ધુળાજીનુ વાદીઓ તરફે એફીડેવીટ
૧૮	૧૦૫	કોટવાળ સોમાજી ભીખાજીનુ વાદીઓ તરફે એફીડેવીટ
૧૯	૧૦૬	ડાભી જયંતિભાઈ કેશાજીનુ વાદીઓ તરફે એફીડેવીટ
૨૦	૧૦૭	ખાંટ અરજનજી શકરાજીનુ વાદીઓ તરફે એફીડેવીટ
૨૧	૧૦૮	કોટવાલ બાબુભાઈ ભીખાનીનુ વાદીઓ તરફે એફીડેવીટ
૨૨	૧૦૯	પરમાર લક્ષ્મણભાઈ રેવાભાઈનું વાદીઓ તરફે એફીડેવીટ
૨૩	૧૧૦	ડાભી જુજારભાઈ ખુમાજીનુ વાદીઓ તરફે એફીડેવીટ
૨૪	૧૧૧	ખાંટ કોયાભાઈ છગનજીનુ વાદીઓ તરફે એફીડેવીટ
૨૫	૧૧૨	ખાંટ ભીખાભાઈ કાળાજીનુ વાદીઓ તરફે એફીડેવીટ
૨૬	૧૧૩	ભરવાડ અશોકભાઈ નાથાભાઈનુ વાદીઓ તરફે એફીડેવીટ
૨૭	૧૧૪	ભરવાડ રામશીભાઈ શીભાભાઈનુ વાદીઓ તરફે એફીડેવીટ
૨૮	૧૧૫	રાઠોડ છોટુસિંહ સુરેન્દ્રસિંહનુ વાદીઓ તરફે એફીડેવીટ
૨૯	૧૧૬	ખાંટ લાલાભાવાદીઓ તરફે એફીડેવીટ
૩૦	૧૧૭	ગોસ્વામી ગોવિંદગીરી જીવનગીરીનું વાદીઓ તરફે એફીડેવીટ
૩૧	૧૧૮	કોટવાળ ભરતભાઈ સોમાજીનુ વાદીઓ તરફે એફીડેવીટ
૩૨	૧૧૯	ડાભી પ્રવીણ રમણભાઈનું વાદીઓ તરફે એફીડેવીટ
૩૩	૧૨૦	વાદી નં.૧/૨ નાઓ સદરહું દાવાવાળી જમીનમાં ખેતી કરવા માટે તેમના સર્વે નંબરમાંથી કરેલ પાઈપલાઈન અં ગેનો સબલપુર ગૃપ ગ્રમપંચાયતના સરપંચશ્રીના દાખલો અસલ.
૩૪	૧૨૧	મે.અરવલ્લી જિલ્લા કલેકટર સાહેબશ્રીએ આર.ટી.એસ.રીવીઝન કેસ નં.૫૧/૧૬ના કામે કરેલ હુકમની ખરી નકલ.
૩૫	૧૨૨	દાવાવાળી જમીન વાદીઓના સર્વે નંબરમાં આવેલ કુવા દવારા પાઈપ લાઈનથી પિયત થાય છે તે અંગેનું સબલપુર ગ્રૃપ ગ્રામ

		પંચાયતનો દાખલો.
૩૬	૧૪૧	વાદીઓ તરફે કલોઝિંગ પુરસીસ
૩૭	૧૭૧	વાદીઓ તરફે લેખિત દલીલો.

(૪) આ કામે પ્રતિવાદીઓ તરફે નીચે મુજબનો પુરાવો રજુ થયેલ છે :–

પ્રતિવાદીઓ તરફે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો :–

અ.નં.	આંક	પુરાવાની વિગત
૧	૧૭૨	પ્રતિવાદી તરફે લેખીત દલીલો રજુ

(૪.૧)

ઉપરોકત હકીકતે પુરાવો પુરો થયા બાદ વાદીપક્ષે વિ.વ.શ્રી દાવા અરજીની હકીકતને દહોરાવીને વાદીએ પોતાના પુરાવાથી દાવાની હકીકત પુરવાર કરેલ હોઈ દાવો મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૫) આ કામના વાદી તરફે લેખીત દલીલો આંક–૧૭૧ થી રજુ કરેલ છે જે ઘ્યાને તથા વંચાણે લીધી અને તેમાં જણાવેલ છે કે,

(૧)વાદીની હકીકત એવી છે કે, મોજે બાજકોટ, તા. મોડાસાની સીમના ખાતા નંબર–૨૧૧ બ્લોક /સર્વે નંબર –૧૪(જુનો સ. નં–૨) ક્ષેત્રફળ ૦૧–૦૬–૯૦ હે. આરે. ચો.મી. ખેતીની જમીન મર્હુમ પિતાશ્રી ખાંટ છબાજી ગંભીરજીનાઓએ પ્રતિવાદી નં–૨ મર્હુમ ખાંટ ગલબામની ગંભીરજીનાઓ પાસેથી સને ૧૯૬૩માં રૂ. ૩૦૦/– વેચાણ કિંમતની લેખિત કરાર થી વેચાણ રાખેલ છે ત્યારથી સદરહું જમીનનો પ્રત્યક્ષ કબજો ભોગવટો વાદીઓના મર્હુમ પિતા ખાંટ છબાજી ગંભીરજીનો હતો અને તેમના અવસાન બાદ વાદીઓનો છે આમ છેલ્લા પર–૫૩ વર્ષથી વાદીઓ દાવાવાળી જમીનમાં પ્રતયક્ષ કબજા ભોગવટે ખેતી કરે છે. સદરહું જમીનનું પાણીપત્રક પણ

વાદીઓના નામનું થયેલી. સદરહું ખેતીની જમીનમાં વાદીઓના ઘરો આવેલા છે અને વાદીઓ સદરહું જમીનમાં અનાવેલ ઘરોમાં તેમના સહ–પરવાર સાથે રહે છે અને સદરહું ખેતીની જમીનમાં ખેતી રી પરિવારનું ગુજરાન ચલાવે છે ઉપરોકત તમામ હકીકત પ્રતિવાદીઓ જાણતા હોવા છતાં પ્રતિવાદી નં–૨/૧ થી ૨/૩ નાએ દાવાવાળી જમીનનો તેમનો કોઈ જ કબજો ભોગવટો કે માલીકી હક ના હોવાછતાં પ્રતિવાદી નં–૧ નાને ખોટી રીતે રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી આપેલ જેથી મોજે બાજકોટ, તા. મોડાસાની સીમના ખાતા નંબર ૨૧૧ બ્લોક / સર્વે નંબર ૧૪ જેનો જુનો સર્વે નં ૨નું ક્ષેત્રફળ ૦૧–૦૬–૯૦ હે.આરે. ચો.મી. જમીનમાં વાદીઓ છેલ્લા ૫૨–૫૩ વર્ષથી કબજો ભોગવટો ધરાવી ખેતી કરે છે. જેના હદખુંટ નીચે મુજબ છે.

પૂર્વે :–બાજકોટ ગામ જવાનો રસ્તો આવેલ છે.

પશ્ચિમે :–ખાટ કાળાજી ધુળાજીની જમીન આવેલ છે

ઉત્તરે :–ગણેશપુર જવાનો ડામર રોડ આવેલ છે.

દક્ષિણે :–કાચો રસ્તો નાળીયુ આવેલ છે.

આમ ઉપરોકત ચર્તુસીમા વચ્ચે આવેલી સર્વે નંબર– ૧૪ ની ખેતીની જમને દાવાવાળી મિલકત તરીકે સંબોધી વેચાણ દસ્તાવેજ રદ કરવા, વેચાણ કરારનું પાનલ. ડેકલેરેશન તેમજ કામચમી મનાઈ હુકમ મેળવવા હાલનો દાવો દાખલ કરેલ છે.

(૨) વાદીઓએ દાવા અરજીના પેરા–૨માં દાવાવાળી જમીનમાં તેમનો કબજો ભોગવટો કયા હકકથી પ્રથાપિત થયેલ છે તે જણાવેલ છે. વાદીઓનું કહેવુ છે કે વાદીઓના મર્હુમ પિતાશ્રી ખાંટ છબાજી ગંભીરજીનાઓએ પ્રતિવાદી નં–૨ મર્હુમ ખાંટ ગલબાજી ગંભીરજીનાઓ પાસેથી ૧૯/૦૪/૧૯૬૩ ના રોજ રૂ. ૩૦૦/–વેચાણ કિંમતથી લેખિત કરારથી વેચાણ રાખેલ છે. જે વેચાણ ખત આંક થી રજુ છે વેચાણ ખતના પાના નં–૧ ઉપર પહેલી ચાર લાઈનમાં જણાવેલ છે' કે વેચાણ કિંમત રૂ.૩૦૦/– પુરામાં વેચાણ લખી આપી વાદીઓના કબજા ભોગવટામાં સોપેલ છે અને વેચાણ ખતના પાના નં–૧ ઉપર પેરા–૨માં જણાવેલ છે કે વેચાણ કિંમતના રૂપિયા વાદીઓએ વાદીઓની પાસેથી આજે રોકડા ગણી લીધા છે. આમ

વેચાણખતના દિવસે વેચાણ કિંમત રોકડમાં ચુકવી આપેલ છે. આમ, આ રીતે વાદીઓએ દાવાવાળી જમીન વેચાણ રાખેલી એન દાવાવાળી જમીન તેમના કબજા ભોગવટામાં આવેલ. આમ, દાવાવાળી જમીન તા. ૧૯/૦૪/૧૯૬૩ ના વેચાણ ખતથી વાદીઓના કબજા ભોગવટામાં આવેલી.

આમ, દાવાવાળી સમગ્ર જમીન વાદીઓના વડીલોએ પ્રતિવાદી નં–૨/૧ થી ૨/૩ ના વડીલોપાસેથી વેચાણ રાખ્યાનો પુરતો પુરાવો રજુ કરેલ છે . તદ્ ઉપરાંત આંક ..... ના વેચાણ ખતમાં ઉલ્લેખ કરેલ છે કે દાવાવાળી જમીનનો કબજો વાદીઓના વડીલોને સુપ્રત કરી દેવામાં આવેલ છે.

ઉપર મુજબ દસ્તાવેજની ચર્ચા કરીએ તે મુજબ દાવાવાળી જમીન વેચાણ હકકથી વાદીઓના કબજા ભોગવટામાં હોવાનું ફલીત થાય છે.

(૩) તદઉપરાંત દાવાવાળી જમીનમાં વાદીઓનો કબજો ભોગવટો છે તે હકીકત દાવાવાળી જમીનના પંચનામાથી પણ પ્રસ્થાપિત થાય છે. કારણ કે દાવાવાળી જમીનમાં નામદાર કોર્ટ થકી પંચનામું થયેલ છે જે પંચનામું આંક રજુ છે જે મુજબ દાવાવાળી જમીનના હિસસા છે દાવાવાળી જમીન પિયત થાય છે અને દાવાવાળી જમીનમાં અંદર પી.વી.સી. પાઈપ લાઈન છે તેવો ઉલ્લેખ કરેલ છે. વાદીઓએ દાવા અરજીના પેરા–જમાં ઉલ્લેખ કરેલ છ' કે દાવાવાળી જમીન વાદીઓના બાજકોટની સીમના સર્વે નં– ૨૭(જુનો સર્વે નંબર ૩૪૪) માં આવેલ કુવાથી પિયત કરીએ છીએ તેમજ દાવાવાળી જમીનમાં પી.વી.સી. પાઈપ લાઈન નાખેલી છે આમ દાવાવાળી જમીન પિયત થાય છે તે હકીકત સાબીત થાય છે તેમજ દાવાવાળી જમીનના પંચનામામાં દાવાવાળી જમીનના હિસ્સાઓનો ઉલ્લેખ છે. વાદીઓએ દાવા અરજીના પેરા–પમાં દાવાવાળી જમીનમા હિસ્સાઓ આવેલ છે. તેવું જણાવેલ છે. આમ, પંચનામાની વિગત પણ વાદીઓના દાવાને સમર્થન કરે છે.

(૪) આ દાવાના કામે આંક થી મે મોડાસાના મામલતદાર સાહેબશ્રીનાએ આર.ટી. એસ. કેસ નં ૨૬/૨૦૧૬ ના કામે કરેલ હુકમ રજુ કરેલ છે જે હુકમમાં મામલતદાર સાહેબશ્રી મોડાસાનાએ વાદીઓના લાભમાં પાણીપત્રક કરવાનો હુકમ કરેલ છે. જે હુકમના પાના નં–૨માં જણાવેલ છે કે સને

૧૯૬૩–૬૪ થી સને ૧૯૯૭–૯૮ સુધી છબાજી ગંભીરજીનું નામ પાણીપત્રકમાં ચાલે છે. ત્યારબાદ સને ૧૯૯૯ –૨૦૦૦ થી ૨૦૦૧ થી પ્રતાપજી છબાજીનું નામ દાખલ થયેલ છે. તે ઉપરાંત જણાવે છે કે રજુ થયેલ વેચાણ ખત જોતાં આ જમીન પૈકી ૨–૦૦ એ. ગુંઠા ૦–૮૦–૯૪ હે.આરે. ચો.મી. જમીન ગલબાજી ગમીરજી ખાંટ પાસેથી તા. ૧૯–૦૪–૧૯૬૩ ના રોજ રૂ. ૩૦૦/–માં રૂ. ૩/– ના સ્ટેમ્પ ઉપર વેચાણખત કરી વેચાણ આપેલ છે જેથી તે સમયથી તેઓનું પાણીપત્રકમાં નામ દાખલ થયેલ છે. ત્યારબાદ પ્રતિવાદી નં ૨/૧ થી ૨/૩ નાઓએ નાયબ કલેકટરશ્રી મોડાસાની કોર્ટમાં અપીલ અરજી કરેલ જે અરજીના કામે નાયબ કલેકટરશ્રીએ પાણીપત્રકનો મામલતદારશ્રીનો હુકમ રદ કરેલ જે હુકમ સામે વાદીઓએ અરવલ્લી જીલ્લાના મે. કલેકટર સાહેબશ્રીનાઓની કોર્ટમાં આર.ટી. એસ. રીવીજન અરજ નં– ૫૧/૨૦૧૬ નીદાખલ કરેલી જે રીવીજન અરજના કામે કલેકટરશ્રી અરવલ્લીનાએ "હુકમ કરી નાયબ કલેકટરશ્રી મોડાસાનો પાણીપત્રક કેસ નં ૨/૨૦૧૫ નો હુકમ રદ કરી કેસ રીમાન્ડ કરેલ છે. જે હુકમની નકલ સદરહું કામે આંક થી રજુ કરેલ છે સદરહું હુકમ મે. કલેકટરશ્રી અરવલ્લીનાઓએ હુકમના પાના નં–૩ ના પેરા–૨માં જણાવેલ છોકે આ કામે પક્ષકારો તરફે રજુ થયેલ આધાર પુરાવા તથા નીચલી કોર્ટના કેસના કાગળો ધ્યાને લેતા સને ૧૯૬૩–૬૪ થી સને ૧૯૯૭–૯૮ સુધી છબાજી ગંભીરજીનું અને ત્યારબાદ ૧૯૯૯ થી ૨૦૦૦ થી ૨૦૦૧–૨૦૦૨ સુધી આ કાના વિવાદી પ્રતાપજી છબાજીનું પાણીપત્રક થયેલાનું જણાય છે. આમ ઉપરોકત હુકમોથી પણ દાવાવાળી જમીનમાં વાદીઓનો કબજો ભોગવટો હોવાનું સાબીત થાય છે.

ઉપર મુજબ ચર્ચા કરી તે મુજબના દસ્તાવેજથી વાદગ્રસ્ત દાવાવાળી જમીનમાં વાદીઓનો કબજો ભોગવટો હોવાનું પ્રસ્થાપિત થાય છે.

(૫) આ દાવાના કામે પ્રતિવાદીએ આંક–૧૩ થી વાદીઓની દાવા અને મનાઈ અરજીનો લેખિત જવાબ આપેલ છે પ્રતિવાદીઓના લેખિત જવાબ ભોગવટાની છે રેવન્યુ રેકર્ડ તેમના નામે ચાલે છે પ્રતિવાદીઓનું કહેવું છે કે મુજબ પ્રતિવાદીઓનું કહેવું છે કે દાવાવાળી જમીન વાદીઓની માલીકી કબજા વાદીઓએ રજૂ કરેલા દસ્તાવજો પરાવામાં ગ્રાહ્ય નથી તેમજ

વાદીઓએ કરાર પાલનની કોઈ કાર્યવાહી કરેલ નથી. તેથી વાદીઓનો દાવો ચલાવવા પાત્ર નથી. પ્રતિવાદીઓનું વધુમાં કહેવુ છે કે વાદીઓએ દાવા અરજી સાથે કરેલ વેચાણખત વાદીઓએ ઉપજાવી કાઢેલ છે પ્રતિવાદીઓના લેખિત જવાબના પ્રતિઉત્તરમાં વાદીઓના વકીલ જણાવીએ છીએ કે પ્રતિવાદીઓએ રજુ કરેલ તમામ તકરારો કાયદેસર ટકી શકે તેમ નથી. પ્રતિવાદીઓનું કહેવું છે કે વાદગ્રસ્ત દાવાવાળી જમીન રેવન્યુ રેકર્ડમાં તેમના નામે ચાલે છે. પરંતુ, વાદીઓએ આ દાવાના કામે જરૂરી તમામ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરી દાવાવાળી જમીનમાં વાદીઓનો કબજો ભોગવટો છે તેવે પ્રસ્થાપિત કરેલ છે. આમ રેકર્ડનો પ્રતિવાદીઓનો પુરાવો વાદીઓએ જયારે સ્પેસીફીકશ રીતે દાવા અરજીમાં એવું જણાવતા હોય કે દાવાવાળી જમીન હિસ્સામાં વહેચાયેલી છે.જે હકીકતને પ્રતિવાદીઓએ કોઈ જ ખુલાસો કરેલ નથી. આ હકીકતનો પ્રતિવાદીઓએ લેખિત જવાબમાં સ્પષ્ટ પણે નકારેલ નથી. તેમજ દાવાવાળી જમીનનું પચનામું થયેલ છે આંક થી રજુ કરેલ છે પંચનામામાં પણ દાવાવાળી જમીનના હિસ્સાનો ઉલ્લેખ છે દાવાવાળી જમીનમાં વાદીઓના રહેણાંકના મકાનનો ઉલ્લેખ છે. તેમજ પી.વી.સી. પાઈપ લાઈનનો પણ ઉલ્લેખ છે. દાવાવાળી જમીનની આ રીતની ભૌગોલીક પરિસ્થિતિથી વાદીઓની દાવા અરજીમાં જણાવેલ છે. તે મુજબની તથા આકં ના પંચનામા મુજબની છે અને વાદીઓના કહેવા મુજબની છે.તે હકીકત વાદીઓએ પ્રથમ દર્શનીય રીતે સાબીત કરેલ છે. જે કારણે પ્રતિવાદીઓના રેવન્યુ રેકર્ડના પુરાવાઓ ખંડીત થાય છે.આમ સમગ્ર રીતે રજુ કરેલ તમામ દસ્તાવેજનું પુરાવકીય મુલ્યાંકન કરવામાં આવે તો દાવાવાળી જમીન વાદીઓના કબજામાં હોવાનું પ્રથમ દર્શનીય રીતે પ્રસ્થાપિત થાય છે. પ્રતિવાદીઓએ રજુ કરેલા રેવન્યુ રેકર્ડના દસ્તાવેજો વાદીઓએ રજુ કરેલા દસ્તાવેજથી ખંડીત થાય છે અને માનવા પાત્ર રહેતા નથી. જે આપ નામદાર કોર્ટને વિદિત થાય.

(૬) પ્રતિવાદીઓએ લેખિત જવાબમાં એવી તકરાર લીધેલ છે કે, વાદીઓએ રજુ કરેલા વેચાણખત દસ્તાવેજ કાયદેસરનો નથી તેથી તે દસ્તાવેજ પર આધાર રાખી મનાઈ હુકમ આપી શકાય નહી પ્રતિવાદીઓનું આ કથન સાચુ નથી કારણ કે કાયદાની આવી કોઈ પરિસ્થિતિ નથી. અનરજીસ્ટર

દસ્તાવેજને રજીસ્ટ્રેશન એકટની કલમ –૪૯ (સી) મુજબ ધ્યાને લઈ શકાય આ દાવામાં ઉલ્લેખ કર્યા મુજબનું વેચાણ ખતનું દસ્તાવેજ જે આંક થી રજુ છે જે આંક ના દસ્તાવેજ મુજબ વાદીઓને દાવાવાળી જમીનનો કબજો સુપ્રત કરવામાં આવેલ છે. અને આ રીતે વાદીઓનો દાવાવાળી જમીનમાં કબજો ચાલુ છે આંક થી રજુ થયેલ વેચાણ ખત મુજબ વાદીઓને દાવાવાળી જમીનનો કબજો પ્રતિવાદીઓ પાસેથી મળતાં દાવાવાળી જમીન બીનપિયત હતી તેને પિયત કરવા દાવાવાળી જમીનમાં વાદીઓએ પાઈપ લાઈન નાખેલ છે વાદીઓના નજીકના કુવાથી દાવાવાળી જમીનમાં પાઈપ લાઈન નાંખી કુવાથી પિયતની પાણીની વ્યવસ્થા કરેલ છે તેમજ વાદીઓએ હકક મુજબ જમીનની વહેંચણી પણ કરી દીધેલ છે. દાવાવાળી જમીનમાં વાદીઓના રહેણાંકના મકાનો પણ આવેલ છે, આમ, વાદી દાવાવાળી જમીનનું પ્રોટેકશન પ્રતિવાદીઓ વિરૂધ્ધ મેળવવા હકદાર બનેલા છે.

(૭) વાદીઓ તરફે આ દાવાના કામે આંક થી આંક સુધીના સોગંદનામા રજુ કરેલ છે. સદરહું સોગંદનામાઓનું પ્રતિવાદીઓએ કોઈ જ ઈન્કાર કરેલ નથી કે કોઈ કાઉન્ટર સોગંદનામું કરેલ નથી. તેથી તે તમામ સોગંદનામા પ્રથમ દ્રષ્ટિએ ગ્રાહય રાખવાના થાય કારણ કે પ્રતિવાદીઓએ તે સોગંદનામાની હકીકતોનું સ્પષ્ટ પણે ઈન્કાર કરેલ નથી દાવાવાળી જમીન વાદીઓએ પ્રતિવાદી નં–૨/૧ થી ૨/૩ ના વડીલોપાસેથી દાવા અરજીમાં જણાવ્યા મુજબ વેચાણ રાખેલી અને વાદીઓના હકક મુજબના હિસ્સા દાવાવાળી જમીનમાં આવેલા છે દાવાવાળી જમીનની આંક ના પંચનામા મુજબની સ્થળ સ્થિતિ વાદીઓએ દાવા અરજીમાં વર્ણન કર્યા મુજબની છે. આ મહત્વની સ્થળસ્થિતિ હકીકતને દાવા અરજીનો નિર્ણય કરતી વખતે ધ્યાને લેવા અરજ છે.

(૮) વાદીઓ દાવાવાળી જમીનના માલીક છે દાવાવાળી જમીન વાદીઓના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં છે છેલ્લા ૫૩ વર્ષથી દાવાવાળી જમીન વાદીઓના કબજા ભોગવટામાં છે વાદીઓને પ્રતિવાદી નં– ૨/૧ થી પ્રતિવાદી નં–૨/૩ વિરૂધ્ધ તકરાર રેવન્યુ કોર્ટમાં ચાલુ હોવાછતાં પ્રતિવાદી નં–૨ /૧ થી ૨/૩ નાઓ દાવાવાળી મિલકતમાં વાદીઓ વેચાણ હકકથી કબજો ભોગવટો ધરાવતા હોવાની હકીકતથી સુમાહીતગાર હોવા છતાં પતિવાદી નં– ૨/૧ થી

પ્રતિવાદી નં–૨/૩ નાઓનું દાવાવાળી મિલકત પરત્વેનોકોઈ જ કાનુની હકક હિત. લાગભાગ ન હોવાછતાં પ્રતિવાદી નં–૨/૧ થી ૨/૩ નાખઓય દાવાવાળી જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ પ્રતિવાદી નં–૧ નાઓને ખોટી રીતે કરી આપેલ છે.

પ્રતિવાદી નં–૧ નાઓએ સદર વેચાણ દસ્તાવેજની નોંધ પડાવતાં વાદીઓએ વાંધો પણ લીધેલ છે. વેચાણની નોંધ મંજુર થતાં પ્રતિવાદીઓ વાદીઓ પાસેથી દાવાવાળી જમીનનો કબજો ડીસપજેસ કરવા પ્રયત્ન કરી રહ્યા છે અને વાદીઓનો દાવાવાળી જમીનનો કબજો છોડી દેવા ધાક ધમકીઓ આપે છે . ઝઘડો કરવાનું અને મારઝુડ કરવાનુ પ્રયત્ન કરે છે. આમ, પ્રતિવાદીઓ વાદીઓની દાવાવાળી જમીનનો કબજો મેળવવા કટીબધ્ધ થયા છે. જેથી હાલની દાવા મનાઈ અરજી દાવાવાળી જમીનમાં વાદીઓનો કબજો ભોગવટામાં પ્રોટેકશન માટે કરેલ છે.

(૯) દાવાના કામે પ્રતિવાદી નં. (૨/૧) ખાંટ કેશાજી ગલબાજી (૨/૨) ખાંટ ગલબાજી (૨/૩) ખાંટ ગલબાજી નાઓએ આંક.૮૭ વાળો રજીસ્ટર દસ્તાવેજ તેમનો દાવાવાળી મિલકતમાં લાગ,ભાગ હક–હિસ્સો કે કબજો ભોગવટો માલિકી હક્ક ન હોવા છતા પ્રતિવાદી નં.(૧) રબારી ભિખાભાઇ મહીજીભાઈ ની તરફેણમાં કરી આપેલ છે. પરંતુ પ્રતિવાદી નં. ૨/૧ થી ૨/૩ ના સાક્ષી બોક્ષમા આવેલ નથી કે દાવાની હકીકતોનો કોર્ટમાં હાજર થઈ ઇનકાર કરેલ નથી. જેથી સુપ્રિમ કોર્ટના સીવીલ અપીલનં. ૬૭૯૦/૦૩ તેમજ એફ.આઈ.આર ૨૦૦૫. સુપ્રિમ કોર્ટ ૪૩૯ અંવયે હાલના પ્રતિવાદીઓનો બચાવ માની શકાય નહિ. વાદગ્રસ્ત દાવાવાળી જમીન નો કબજો સને ૧૯૬૩ થી વાદીનો છે. આ અંગે પ્રતિવાદીઓએ સાક્ષી તરીકે બોક્ષમા આવી અન્ય કોઇ પુરાવો આપેલ નથી. કે વાદીનો કબજો નથી. પ્રતિવાદી નં. ૨/૧ થી ૨/૩ નાએ પણ વાદીનો કબજો ન હોવા બાબતે કોઇ જ પુરાવો આપેલ નથી. તેમજ આંક ૮૭ ના દસ્તાવેજના સમર્થનમા પણ વેચાણ આપનાર કે વેચાણ રાખનાર તેમજ કોઇ સાક્ષીને પણ પ્રતિવાદી દ્વારા તપાસવામાં આવેલ નથી. જેથી પણ વાદીના દાવાની હકીકતો પ્રથમ દર્શનીય માનવા પાત્ર છે. પ્રતિવાદીએ તેમના આંક ૧૩ ના જવાબના

સમર્થનમાં પણ કોર્ટમાં જુબાની આપેલ નથી જેથી પ્રતિવાદીઓના જવાબની હકીકત પણ માનવા પાત્ર નથી.

(૧૦) દાવાવાળી જમીન વાદીઓના વડવાઓએ પ્રતિવાદી નં.૨/૧ થી ૨/૩ ના પિતા પાસેથી વેચાણ રાખ્યાનો પુરતો પૂરાવો રજુ કરેલ છે. અને ત્યારથી દાવાવાળી જમીનમાં વાદીઓનો કબજો ભોગવટો હોવાનો પણ પુરતો પુરાવો રજુ કરેલ છે પ્રતિવાદીએ દાવાવાળી જમીનમા તેમનો કબજો હોવાનો કોઈ જ પુરાવો આપેલ નથી કે વદીઓએ પોતાનો દાવાવાળી જમીનમાં કબજો ભોગવટો સાબિત કરવા આંક ૧૩૧થી દાવાવાળી જમીનનું પંચનામું તેમજ આંક.૧૩૨ થી દાવાવાળી જમીનનો નકશો રજુ કરેલ છે અને આંક. કોર્ટ કમિશનર શ્રીની જુબાની રજુ છે જેનાથી પણ દાવાવાળી જમીનની પરિસ્થિતિ વાદીઓના દાવા અરજમાં વર્ણન કર્યા મુજબની છે. જે સાબિત થાય છે. દાવાવાળી જમીનમાં વાદીઓના મકાનો આવેલા છે અને તે અંગે આંક.૯૫ થી આંક ૯૬ થી વીજ બીલ તેમજ જમીન મહેસુલ ભર્યા અંગેની પહોચ સને. ૧૯૭૪ ની રજુ કરેલ છે. આંક... અને આંક ૧૨૦ ના સબલપુર પંચાયતના દાખલા રજુ કરેલા છે દાવના કામે વાદીએ નં. ૧/૨/૬ની આંક ૭૯ થી સોગંદ ઉપર જુબાની રજુ કરેલ છે જેમાં પણ વાદીએ દાવા અરજીને સમર્થન કરતી જુબાની આપેલ છે આમ વાદીઓએ દાવાવાળી જમીનમા સને ૧૯૬૩ થી વેચાણ હક્કથી માલિક કબજો ભોગવટો હોવાનું સાબિત સાબિત કરેલ છે.

(૧૧) વાદીઓનો દાવાવાળી મિલકત જમીનમાં છેલ્લા ૫૩ વર્ષ ઉપરાંતથી વાદીઓનો કબજો છે જે અંગે વાદીઓ તેમજ પ્રતિવાદીઓ નં ૨ / ૧ થી ૨ /૩ વચ્ચે રેવન્યુ તકરાર ચાલુ હોવા છતા પ્રતિવાદીઓ નં ૨/૧ થી ૨/૩ એ દાવાવાળી જમીનમા વાદીઓનો વેચાણ હકથી કબજો ભોગવટો સને.૧૯૬૩ થી હોવાની તેમજ વાદીઓના રહેણાંકના મકાન આવેલાની ધરાવતો હકીકતથી વાકેફ સુમાહિતગાર હોવા છતા પ્રતિવાદી નં. ૨/ ૧ થી ૨ /૩. નાએ દાવાવાળી જમીનનો વેચાણ દસ્તાવેજ પ્રતિવાદી નં.૧ નાને ખોટી રીતે નાણાકીય ગેરલાભ લેવા કરી આપેલ છે અને પ્રતિવાઅદી નં.૧ નાએ જમીન ખરીદતા પહેલા દાવાવાળી જમીન જોઈ હશે તો તેવો પણ દવાવાળી જમીન

મિલકતમા વાદીઓનો કબજો ભોગવ્યો તેમજ રહેણાંકના મકાન આવેલાની હકીકતોથી માહિતગાર હતા. તેમ છતા ખોટી રીતે પ્રતિવાદીઓએ એકબીજાના મેળાપીપણામાં ખોટો રજી.દસ્તાવેજ કરાવેલ છે. જેથી દસ્તાવેજ રદ કરવા વિનંતી છે. દાવાવાળી જમીન ઉપર વાદીઓનુ અને તેમના કુટુંબનુ ભરણપોષણ થાય છે. વાદીઓ સહપરિવાર મકાનમા દાવાવાળી જમીનમા રહે છે. જેથી વાદીઓનો દાવો મંજુર કરવામા ના આવે તો વાદીઓને ખુબ જ નુકશાન જાય તેમ છે વાદીઓના પરિવારને રસ્તા પર આવી જવુ પડે અને ભુખમરો સહન કરવો પડે આમ વાદીઓને ખુબજ હાર્ડશીપ ભોગવવી પડે અને વાદીઓનો દાવો મંજુર કરવામા આવે તો પ્રતિવાદીઓને કોઇ જ નુકશાન નથી. કારણ કે પ્રતિવાદીઓ પોતેજ રોન્ગ ડુઅર છે.

(૧૨) વાદીઓએ દાવાના સમર્થનમા લેખીત તેમજ મૌખિક યોગ્ય પુરાવાઓ રજુ કરેલા છે. અને પ્રતિવાદીઓ તરફે વાદીના દાવાને ખંડન કરતો કોઇ જ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજુ કરેલ નથી. પ્રતિવાદી ન.૧ ના ભુમાફિયા હોય અન્ય પ્રતિવાદીઓ સાથે મળી જઇ વાદીઓની જમીન પડાવી લેવા ખોટો રજી. દસ્તાવેજ કરાવેલ છે. તેથી વાદીનો દાવો મંજુર કરવામા આવે તો પ્રતિવાદીને કોઈ જ નુકશાન નથી. પ્રતિવાદીઓનો દાવાવાળી મિલકતમા કોઇજ કબજો ભોગવટો હક્ક હિત કે હિસ્સો આવેલ નથી.

(૧૩) આમ ઉપરોકત દલીલો ધ્યાને લઇ વાદીનો દાવો ખર્ચ સહિત મંજુર કરવા તથા વાદીઓને માગ્યા મુજબની દાદ મંજુર કરી વાદીઓનો દાવો મંજુર કરવા વિનંતી છે.

(૫.૧)

આ કામના પ્રતિવાદીનં.૧ તરફે આંક-૧૭ર થી લેખીત દલીલો રજુ કરેલ છે, જે ધ્યાને તથા વંચાણે લીધી અને તેમાં જણાવેલ છે કે,

વાદીનો દાવો બાજકોટ, તા:મોડાસાના જુના સર્વે નં-ર જેનો નવો સર્વે નં-૧૪ ની હે:૧-૦૬-૯૦ ચો.મી. જમીન બાબતે કરેલ છે.

વાદીએ તેમના વડીલો દ્વારા વર્ષ-૧૯૬૩ માં રૂ:૩૦૦/-ના વેચાણ કિંમત થી લેખિત કરારથી પ્રતિવાદી નં- ર ના ગલબાજી ગંભીરજીનાઓએ લેખિત કરાર આપેલ ત્યારથી માલીકી કબજો ભોગવટો વાદીઓનો તેમના વડીલોના

સમયથી આવેલાનુ જણાવી દાવો કરેલ છે.

દાવાના પેરા–૩ માં વાદીએ વાવેતર કરેલાની હકીકત જણાવેલ છે.

દાવાના પેરા–૪ માં જમીન પિયત કરતા હોવાની હકીકત જણાવેલ છે.

દાવાના પેરા–૫ માં જમીનની વહેંચણી કરી દીધેલાની હકીકત જણાવેલ છે.

દાવાના પેરા–૬ માં જમીનના ઉપકર, વેરો ભર્યા ની હકીકત તથા ૨ પાકા મકાનો આવેલાની હકીકત જણાવેલ છે.

દાવાના પેરા–૭ માં જમીન બાબતે પ્રતિવાદી નં–૨/૧ થી ૨/૩ નાઓએ પ્રતિવાદી નં–૧ ને તા:૦૯/૦૯/૨૦૧૬ ના રોજ રજી.વેચાન દસ્તાવેજ કરેલાની હકીકત જણાવેલ છે. તેમજ રેવન્યુ કોર્ટોમાં દાવા અગાઉ કેસો થયેલાની હકીકત જણાવેલ છે.

દાવાના પેરા–૮ માં વાદીઓએ સમય મર્યાદાના કાયદાની જોગવાઇ મુજબ એડવર્સ પજેશન માલીક બનેલાની હકીકત જણાવેલ છે.

૨... દાવાનું કારણ જોવામાં આવે તો કોઇ પણ જાતના કાયદેસર ના હકક, અધિકાર વગર માત્ર જમીનનો કબજો છોડી દેવા પ્રતિવાદીઓએ ધમકી આપી ત્યારથી ઉપસ્થિત થયેલાનું જણાવેલ છે જે માત્ર આભાસી તેમજ દાવાનું સ્વરૂપ જોતો કાયદેસર ગણી શકાય નહી

૩... દાવાના પેરા–૧૧(અ) માં જમીનનો વેચાણ દસ્તાવેજ પ્રતિવાદીઓ નં–૨/૧ થી ૨/૩ ના ઓએ પ્રતિવાદી નં–૧ ને તા:૦૯/૦૯/૨૦૧૬ ના રોજ કરી આપેલ તે વેચાણ દસ્તાવેજ રદ જાહેર કરવાની માંગણી કરેલ છે.

પેરા–૧૧(બ) માં વાદીઓએ માલીકી કબજા ભોગવટાની જમીન જણાવી પ્રતિવાદીઓ વિરુધ્ધ કાયમી મનાઇ હુકમની માંગણી કરેલ છે.

પેરા–૧૧(ક) માં દાવાવાળી જમીનનુ ૧૯૬૩ માં કરેલ વેચાણ ખત મુજબનુ પાલન કરે તેવી મુખ્ય માંગણી કરેલ છે.

પેરા–૧૧(ડ) માં ૫૩ વર્ષથી એડવર્સ પજેશન થી તથા વેચાણ ખત થી વાદીઓ માલીક કબજેદાર બનેલાની જાહેરાતની માંગણી કરેલ છે.

પેરા–૧૧(ઈ) માં પ્રતિવાદી નં–૧ જમીન તબદીલ કરે કરાવે નહી તેવી પણ માંગણી કરેલ છે.

૪.. પ્રતિવાદી નં–૧ એ આંક–૧૩ થી દાવાનો લેખિત જવાબ રજુ કરેલ છે જે

લેખિત જવાબમાં વાદીઓનો દાવો કાયદેસર નથી, હક્ક નથી, કબજો ભોગવટો નથી તેમજ દાવાની તમામ હકીકતોનો સ્પષ્ટ પણે ઈન્કાર કરેલ છે. વાદીનો દાવો કહેવાતા કરાર તથા હકીકતોના આધારે સમય મર્યાદા બહારની દાદ ૧૯૬૩ ના કહેવાતા કરાર અન્વયે માંગેલ છે. જેથી વાદીનો દાવો કાયદાની જોગવાઈઓ વિરુધ્ધ હોઈ નામંજુર થવાને પાત્ર છે.

પ.. આંક–૬૭ થી નામદાર કોર્ટ દ્રારા મુદ્દા કાઢવામાં આવેલ છે.

૬.. આંક– ૮૮થી ૧૯૬૩ ની સાલનો વેચાણખત રજુ થયેલ છે. જેના આધારે વાદીએ પેરા–૧૧(ક) માં મુખ્ય દાદ માંગેલ છે જે મેળવવા વાદી હકકદાર નથી. આંક–૮૮ નો વેચાણખત કાયદેસર નથી. પુરાવામાં ગ્રાહય નથી. તેમજ અન–રજીસ્ટ્રર છે. કરારમાં ૨ એકર જમીનનો ઉલ્લેખ થયેલ છે. જયારે વાદીનો દાવો ૨ એકર કરતાં વધારે એટલે કે હૈ:૧–૦૬–૯૦ ચો.મી. જમીન પરત્વે નો કરી દાદ માંગેલ છે. દાવામાં જણાવેલ જમીનનુ ક્ષેત્રફળ અને કહેવાતાં આંક–૮૮ના કરારમાં જણાવેલ ક્ષેત્રફળ મળતુ નથી અને ભિન્ન સ્પષ્ટ જણાય છે. જેથી પણ દાવાની હકીકત વાદીની પુરવાર થતી નથી.

આંક–૮૮ નો કરારના પાલન બાબતે વાદીને દાવા સુધી શા માટે પાકો રજીસ્ટ્રર્ડ વેચાણ દસ્તાવેજ કરાવવા કાર્યવાહી કરેલ નથી તે બાબતે દાવા તથા જુબાનીમાં કોઈ ખુલાસો કરતા નથી.

વાદીએ આંક– ના કરાર અન્વયે વેચાણ દસ્તાવેજ કરાવવા મુળ જમીન માલીકોને કોઈ નોટીસ આપેલ નથી તેમજ વાદીઓ પોતે કે તેમના વડીલો કરારનો પાલન કરાવવા રેડી તેમજ વિલીંગ હોવા બાબતે, કે તે બાબતે પ્રયાસ કર્યો હોય તેવો પણ કોઈ પુરાવો તેમજ દાવામાં કે જુબાનીમાં તે બાબતનુ પ્લીડીંગ નથી. અને જણાવેલ પણ નથી. આમ કહેવાતા ૧૯૬૩ ના કરાર બાબતે રેડી અને વિલીંગ હોવા બાબતે કોઈ પ્લીડીંગ ન હોઈ તેવા સંજોગો માં તેમજ કહેવાતા આંક– ૮૮ ના વેચાણ કરાર ૧૯૬૩ ની સાલ બાદ આશરે ૫૦ વર્ષ પછી દાવો કરી પેરા–૧૧(ક) માં મુખ્ય દાદ માંગેલ છે જે દેખિતી રીતે લીમીટેશન એકટ આર્ટીકલ–૫૪ ની જોગવાઈઓ વિરૂધ્ધ હોઈ પેરા–

૧૧(ક) ની દાદ મેળવવા હકકદાર બનતા નથી.

વધુમાં વાદીએ પેરા–૧૧(ક) માં માંગેલ દાદ બાબતે દાવામાં કરારના પાલન બાબતે લેશ માત્ર પ્લીડીંગ કરેલ નથી અને ખુલાસા પણ કરેલ નથી. તે બાબતે "hon'ble supreme court has held on the point of evidence of the ready and willingness in the case of CIVIL APPEAL NO.4703 OF 2022 [ARISING OUT OF SLP NO.19463 OF 2018] U.N.KRISHNAMURTHY (SINCE DECEASED) THR.LRS. .....Appellant(s) VERSUS A.M.KRISHNAMURTHY......... Respondent (s) JUDGMENT Indira Banerjee, J.that,

"24. Section 16(c) of the specific Relief Act, 1963 bars the relief of specific performance of a contract in favour of a person, who fails to aver and prove his readiness and willingness to perform his part of contract. In view of Explanation (1) to clause (c) of Section 16, it may not be essential for the plaintiff to actually tender money to the defendant or to deposit money in Court, except when so directed by the Court, to prove readiness and willingness to perform the essential terms of a contract, which involves payment of money. However, explanation (ii) says the plaintiff must aver performance or readiness and willingness to perform the contract according to its true construction."

On the point of proof of ready and willingness Hon'ble S.C.further held in the case of CIVIL APPEAL

NO. 4703 OF 2022 (ARISING OUT OF SLP (C) NO. 19463 OF 2018) U.N. KRISHNAMURTHY (SINCE DECEASED) THR. LRS... Appellant (s) VERSUS A. KRISHNAMURTHY... Respondent (s) held that,

"46. It is settled law that for relief of specific performance, the Plaintiff has to prove that all along and till the final decision of the suit, he was ready and willing to perform his part of the contract. It is the bounden duty of the Plaintiff to prove his readiness and willingness by adducing evidence. This crucial facet has to be determined by considering all circumstances including availability of funds and mere statement or averment in plaint of readiness and willingness, would not suffice." Hon'ble S.C. has held in the case of U.N. KRISHNAMURTHY (SINCE DECEASED) THR.

LRS. in para 51 that,

"51. In view of foregoing, this Court is of the considered opinion that the Respondent Plaintiff was not entitled to the relief of specific performance. The Trial Court and the High Court erred both in law and on facts in granting such relief."

૭... વાદીએ દાવાના પેરા–૮ માં એડવર્સ પજેશન થી માલીક બનેલાનું જણાવેલ છે. અને પેરા–૧૧(ડ) માં દાદ માંગેલ છે. પેરા–૧૧(ડ) માં પણ એડવર્સ પજેશનથી તથા વેચાણખતથી માલીક કબજેદાર બનેલાનું ઠરાવવા યાને ડેકલેરેશન માંગેલ છે.

વાદી દાવામાં કાયદા વિરૂધ્ધ દાદ માંગેલ છે. વાદી પોતે પોતાના હક્ક

માટે આવી મુખ્ય અલગ–અલગ ૨ દાદ માંગી શકે નહી, જે દાદ મેળવવા હક્કદાર પણ નથી અને કાયદામાં આવી દાદ મંજુર કરવાની જોગવાઇ પણ કરવામાં આવેલ નથી. વાદી પોતે પોતાનુ સ્ટેન્ડ કલીયર કરતા નથી. તેમજ વાદી ૨ ધોડા ઉપર સવારી કરવા માંગે છે. જે પરમીશેબલ નથી.

૮.. એડવર્સ પજેશન ની દાદ માંગેલ હોય તો તેના મુખ્ય તત્વો વાદીએ દાવા અરજીમાં જણાવી પુરવાર કરવાના રહે. પ્રથમ તત્વમાં ઓપન અને નોટોરીયસ પજેશન, હોસ્ટાઇલ પજેશન, કન્ટીન્યુયસ, એકસકલુસીવ તેમજ એકચુલ પજેશન જણાવી પુરવાર કરવાનુ રહે, તેમજ કયારથી વિરૂધ્ધ કબજાની રૂઇએ માલીક બન્યા તે સમય મર્યાદા વાદીએ દાવામાં જણાવેલ નથી. તેમજ જુબાનીમાં પણ જણાવેલ નથી અને પુરવાર થયેલ નથી. માત્ર એડવર્સ પજેશનથી માલીક બનેલાનુ જણાવવાથી એડવર્સ પજેશનની દાદ મંજુર રાખી શકાય નહી તેમજ વાદી હક્કદાર પણ બનતા નથી.

૯... વાદી પોતે દાવાની હકીકતો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

૧૦... વાદીઓનો જમીન પરત્વે કબજો ભોગવટો આવેલ નથી.

૧૧... વાદીએ રજુ કરેલ પુરાવા કાયદેસર નથી તેમજ તેનાથી કબજા ભોગવટામાં આવેલ હોવાની હકીકત માની શકાય નહી.

૧૨... વાદીએ જયારે દાવાની મુખ્ય દાદ પેરા–૧૧(ક) અને ૧૧(ડ) મેળવવા હક્કદાર ન હોઇ વાદીઓ બાકીની દાદ મેળવવા હક્કદાર બનતા નથી.

૧૩.. આંક– ૮૭થી પ્રતિવાદીઓ નં–૨/૧ થી ૨/૩ ના ઓએ પ્રતિવાદી નં–૧ ને કરી આપેલ વેચાણ દસ્તાવેજ રજીસ્ટ્રર તેમજ કાયદેસરનો છે. પ્રતિવાદી નં–૧ જમીનના માલીક તેમજ કબજેદાર છે. આંક–૮૭ થી વેચાણ દસ્તાવેજ રજુ થયેલ છે.

વાદીઓનો દાવો કાયદા વિરૂધ્ધ હોઇ તેમજ વાદીઓ પોતાનો હક્ક તથા મુદ્દાઓ સાબિત કરી શકતા ન હોઇ વાદીઓનો દાવો ખર્ચ સહિત રદ કરશોજી.

(૬) **<u>મુદ્દા</u>**

૧. શું વાદી સાબિત કરે છે દાવાવાળી જમીન તેમના મરહુમ પિતાશ્રી ખાંટ છબાજી ગંભીરજીનાઓને મરહુમ પ્રતિવાદી નં.૨ ગલબાજી ગંભીરજીનાઓએ સને ૧૯૬૩માં રૂા.૩૦૦/−ના લેખિત કરારથી વેચાણ આપેલ અને ત્યારથી તેઓ માલીકી હકે દાવાવાળી જમીનનો કબજો ભોગવટો ધરાવે છે?

૨. શું વાદી સાબિત કરે છે દાવાવાળી જમીનનો પ્રતિવાદી નં.૨/૧ થી ૨/૩નાઓએ પ્રતિવાદી નં.૧ ને કરી આપેલ વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસરનો અને રદબાતલનો છે?

૩. શું પ્રતિવાદીઓ સાબિત કરે છે કે વાદીના દાવાને સમયમર્યાદાનો બાધ નડતો હોય વાદીનો દાવો રદ થવાને પાત્ર છે?

૪. શું પ્રતિવાદીઓ સાબિત કરે છે કે વાદીઓ તરફે બનાવટી વેચાણ લેખ ઉભો કરવામાં આવેલ છે?

૫. શું પ્રતિવાદીઓ સાબિત કરે છે કે પ્રતિવાદી નં.૨/૧ થી ૨/૩ દ્વારા પ્રતિવાદી નં .૧ની તરફેણમાં દાવાવાળી જમીનનો કરવામાં આવેલ વેચાણ દસ્તાવેજ કાયદેસરનો છે?

૬. શું વાદી દાવામાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકદાર હોવાનું સાબિત કરે છે?

૭. શું હુકમ અને હુકમનામું?

ઉપરોકત વિગતે રજુ થયેલ પુરાવો તથા વાદીના વિ.વ.શ્રી ની દલીલોનું કાળજીપુર્વક

મુલ્યાંકન કરતા ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ કરવામાં આવેલ છે.:

(૧) નકારમાં.

(૨) હકારમાં.

(૩) હકારમાં.

(૪) નકારમાં.

(૫) હકારમાં.

(૬) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત મારા નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.:

:: કા ર ણો ::

(૮) ઉપરોકત મુદ્દાઓ કાયદા અને હકીકતની દ્રષ્ટીએ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય વારંવારનું પુનરાવર્તન ટાળવાના હેતુથી મુદદા નં.૧ તથા ર ના મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે તથા મુદદા નં.૪ અને ૫ ના મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

(૯) આ કામે આંક–૧૩૪થી વાદી તરફે સાહેદ ખાંટ સરદારજી ભુપતજીની સરતપાસ રજુ કરેલ છે. જેમા જણાવેલ છે કે, તમો બાજકોટ ગામના રહીશ અને વતની છો. તમો ખેતી કરી તમોના પરિવારનો નિભાવ કરીએ છીએ. તમો આ કામના વાદીઓ તથા પ્રતિવાદી ખાંટ ગલબાજી ગંભીરજી ગુજરતા વારસો....(૨/૧)ખાંટ કેશાજી ગલબાજી, (૨/૨) ખાંટ બબાજી ગલબાજી, (૨/૩) ખાંટ કાળીબેન ગલબાજી નાઓને ઓળખીએ છીએ. પ્રતિવાદી ખાંટ ગલબાજી ગંભીરજી તમોના કાકા થાય છે.તેમજ અન્ય પ્રતિવાદી નં.૨/૧ અને ર/ર તમોના ભાઈ તેમજ પ્રતિવાદી નં.૨/૩ ના કાહત થાય છે.

આ કામના વાદીઓ ખાંટ છબાજી ગંભીરજી / ખાંટ હીરાજી છબાજી ગુજરતા તેમના વારસદારો છે. તેમજ પ્રતિવાદીનં.૨ ખાંટ ગલબાજી ગંભીરજી ગુજરતા તેમના વારસદારો છે.સદર દાવાવાળી મિલ્કત પ્રતિ.નં.૨ ખાંટ લબાજી ગંભીરજીનાએ વાદી છબાજી ગંભીરજીનાઓને વર્ષ–૧૯૬૩ માં રૂ.૩૦૦/–ના વેચાણ કિંમતથી લેખિત કરારથી વેચાણ આપેલ છે. ત્યારથી સદર કામના દાવાવાળી જમીનના ગામની સીમમાં ખાતા નં. ૨૧૧ બ્લોક/સર્વે નં.૧૪ જેનો જુનો સર્વે નં. ૨ નું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧–૬–૯૦ માં સદર કામના વાદીઓ પૈકી વાદી નં.૧/૧/૨ ખાંટ ધુળાજી હીરાજી,

વાદી નં.૧/૧/૩/૨ ખાંટ કમલેશભાઈ જવાનજી, વાદી નં. ૧/૨ ખાંટ પ્રતાપજી છબાજીનાઓ ખેતી કરી નિયમીત રીતે ઉપજ લઈ જમીનમાં ખેતી કરે છે. તેમજ સદર દાવાવાળી જમીનમાં ખાંટ જવાનજી હીરાજી ની વિધવા ચંપાબેન અને ખાંટ ધુળાજી હીરાજીના રહેણાંકના પાકા મકાન આવેલ છે. આમ, આ દાવાવાળી જમીન વર્ષોથી વાદીઓની કબજાભોગવટાની છે. દાવાવાળી જમીન પીયત કરવા માટે ખાંટ પ્રતાપજી છબાજી નાઓની મોજે બાજકોટ સીમના સર્વે નં.૨૬ જુનો સર્વે નં.૩૪૪ માં આવેલ કુવાથી પિયત કરે છે. તેમજ દાવાવાળી જમીનમાં પી.વી.સી.પાઈપની લાઈન આશરે લંબાઈ ૧૭૦૦ ફુટ નાખેલી છે તેમજ વાદીઓના ઘર વપરાસના વીજ કનેકશન પણ આવેલા છે.જે સૌ કોઈની જાણમાં છે. આમ દાવાવાળી જમીનમાં વાદીઓ તેમના વડીલો સમયથી પ્રતિવાદીનં.ર નાઓ પાસેથી વેચાણ રાખેલ તે સમયથી આજદીન સુધી વાદીઓના કબજા ભોગવટામાં છે. તેમજ હાલપણ અમો વાદીઓના કબજાભોગવટામાં આવેલ છે.જેથી વાદીઓ દાવાવાળી જમીનમાં ખેતી કરી ઉત્પાદન લે છે. તે હકીકત ગામની દરેક વ્યકિતની જાણમાં છે.દાવાવાળી મિલ્કત છેલ્લા ૫૩ વર્ષથી વાદીઓના પ્રત્યક્ષ શાન્ત કબજાભોગવટામાં છે.તેમજ વાદી અને પ્રતિવાદી નં.૨ /૧ થી ૨/૩ નાઓ વચ્ચે રેવન્યુ કાર્ટમાં તકરારો ચાલુ હોવાછતાં પ્રતિવાદી નં.૨/૧ થી ૨/૩ નાઓએ દાવાવાળી જમીનમાં કોઈ જ હકક હીત, લાગભાગ ન હોવાછતા પ્રતિવાદી નં.૧ નાઓને દાવાવાળી જમીનનો ખોટીરીતે દસ્તાવેજ કરી આપેલ છે.

વાદી સાહેદ સરદારજી ભુપતજી ખાંટની ઉલટતપાસ કરતા તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે છબાજી ગંભીરજી અને ગલબાજી ગંભીરજી બે સગા ભાઈઓ થતા હતા અને તમોના સગા કાકા હતા. તમો પોતે ખેડુત છો. એ વાત ખરી નથી કે તમોએ તમોની સરતપાસમાં ખોટી હકીકત જણાવેલ છે. તમોના નામે સર્વે નંબર ૨૩ અને ૨૬ ની જમીન બાજકોટ, તા.મોડાસામાં આવેલ છે. તમો ખેડુત છો તે બતાવવા આવતી મુદતે પુરાવો રજુ કરીશ. એ વાત ખરી નથી કે વાદીઓ સાથે તમોના સારા સંબંધો હોય તમો તેમને મદદ

કરવા ખોટી જુબાની આપો છો.

(૧૦). કોર્ટ કમિશનરશ્રી ની આંક-૧૨૯ ની સરતપાસ માં રહેવર રાજદીપસિંહ કરણસિંહ નાઓ જણાવે છે કે, તમોને કોર્ટ નો સાહેદ સમન્સ મળતા તમો જુબાની આપવા માટે આવેલ છો. તમો સને ૨૦૧૭ માં પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોટ મોડાસા માં સુપ્રિટેન્ડેટ તરીકે નોકરી કરતા હતા.તમોને હાલના દાવાના કામે કોર્ટ કમિશનર તરીકે નિમવામાં આવેલો અને તમોએ દાવા વાળી જગ્યાનુ પંચનામું કરેલુ અને નકશો તૈયાર કરેલો.તમોએ દાવા ના પક્ષકારોને નોટીસ ની બજવણી કરેલી.તમોને આ કામમાંથી નિ.૭/૧ બતાવવામાં આવે છે જે જોઈને કહો છો કે આ નોટીસ તમોએ દાવાના પક્ષકારોને આપેલ તે છે અને તેમાં નોટીસ આપનાર તરીકે તમોની સહી છે જે તમો ઓળખી બતાવો છો જેને રજુ દાખલ આંક-૧૩૦ આપવામાં આવે છે. આંક-૧૩૦ ની નોટીસ પ્રતિવાદી નં.૧ સિવાયના પક્ષકારોને બજેલી અને પ્રતિવાદી નં.૧ ની નોટીસ જે આંક-૧ ૩૦ સાથે જ છે કે જે પ્રતિવાદી નં.૧ ને બજેલ છે. પ્રતિવાદી નં.૧ ને બજેલ નિ.૭/૧ ની નોટીસ દાખલ આંક-૧૩૦/૧ આપવામાં આવે છે.પક્ષકરોને નોટીસ બજયા પછી તમોએ દાવા વાળી જગ્યાનુ સ્થળસ્થિતિનું પંચનામુ કરેલુ અને નકશો તૈયાર કરેલો.મને આ કામમાંથી નિ.૭/૨ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે દાવા વાળી સ્થળસ્થિતિ નુ પંચનામુ છે જેમાં તમોની સહી છે અને પંચો ની સહી અને વાદીઓ ની સહી છે. પ્રતિવાદી હાજર રહેલ ન હતા એટલે તેમાં નોંધ કરેલ છે.નિ.૭/૨ રજુ દાખલ આંક.૧૩૧ આપવામાં આવે છે.તમોને આ કામમાંથી નિ.૭/૩ બતાવવામાં આવે છે જે જોઈને કહો છો કે તે દાવા વાળી સ્થળસ્થતિ નો નકશો છે જે તમોએ તૈયાર કરેલ છે.અને તેમાં તૈયાર કરનાર તરીકે તમોની સહી છે.જે નિ.૭/૩ ને રજુ દાખલ આંક.૧૩૨ આપવામાં આવે છે.

આ કામના પ્રતિવાદીના નં.૧ ના વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરતા તેઓ

જણાવે છે કે, એ વાત ખરી છે કે દાવાના પક્ષકારો વચ્ચેચ્ચેની તકરાર થી તમો માહિતગાર નથી.એ પા ૨/૫/૧૭ સુધી માં પંચનામ કરેલ ન હોઈ આગળ મુદત માંગેલ કે કેમ તે રેકડ ખરી છેકે દાવા વાળી મિલ્કતના રેવન્યુ રેકર્ડ થી તમો માહિતગાર નથી.મે તા.ક છે માત્ર તેટલું જ કોર્ટ કમિશનરે પંચનામામાં લખાવાનું હોય છે તે તમો જાણે છે. એ વાત જોઈને કહી શકે. એ વાત ખરી છે કે દાવા વાળી સ્થળસ્થિતિ પર શુ પરીસ્થિતિ ખરી છેકે જગ્યાની માલિકી કોની છે તેવુ લખવાનુ કોર્ટ કમિશનરે હોતુ નથી.કોર્ટ કમિશનર ની નોટીસ પ્રતિવાદી નં. ૧ ના પત્ની ને બજેલ છે.તમોને મકાન નં.૧/૧/૧ ના મકાનની માલીકીના પુરાવા ૩/૨ ખાંટ કમલેશભાઈ તમોને વાદીએ બતાવેલા.એ વાત ખરી છેકે તમોને વાદીએ આવા પુરાવા બતાવેલા તેવુ તમોએ તમોના પંચનામામાં લખેલ નથી. એ વાત ખરી છે કે તમોએ તમોના પંચનામામાં મકાન જેની માલીકીનુ બતાવેલ છે તેના પુરાવા જોયાનુ પંચનામામાં લખેલ નથી.એ વાત ખરી નથી કે આંક-૧૩૧ નુ પંચનામુ વાદીઓની તરફેણ માં એકતરફી કરવામાં આવેલ છે.એ વાત ખરી છેકે આંક-૧૩૨ માં નકશામાં કોઈ પક્ષકારની સહી નથી.એ વાત ખરી નથીકે આંક-૧૩૨ નો નકશો સ્થળ પર તૈયાર કરેલ નથી.એ વાત ખરી નથીકે આંક-૧૩૨ નો નકશો એકતરફી બનાવેલ છે.એ વાત ખરી નથી કે પંચનામુ તથા નકશો સ્થળસ્થિતિ વિરૂધ્ધ તૈયાર કરેલ છે.

<u>(૧૧) . મુદદા નં.૧ ની ચર્ચા-</u>

હાલના આ કામે આંક-૮૮ થી રૂા.૩૦૦ ના લેખીત કરાર થી વેચાણ આપેલ મિલ્કત નો લેખીત કરાર છે અને તે લેખીત કરાર માં જણાવ્યા મુજબ કબજા સહિત નો વેચાણ કરાર છે. આંક-૮૮ નો લેખીત કરાર તે આ અદાલત માં ટ્રુ-કોપી ની નકલ રજુ કરેલ છે અસલ નકલ આ કામે રજુ કરેલ નથી એટલે કે આ પુરાવો વાદી એ સાબિત કરવો પડે. વધુમાં આ દસ્તાવેજ જે રજુ કરવામાં આવેલ છે તે ૩૦ વર્ષ ઉપરાંત નો દસ્તાવેજી પુરાવો છે અને પ્રોપર કસ્ટડી માં થી રજુ થયેલ દસ્તાવેજ છે. ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ-૯૦ મુજબ

આ દસ્તાવેજ ને માની લેવાનો હોય છે. વધુમાં કબજા સહિત નો વેચાણ દસ્તાવેજ છે તો તે અંગે આ અદાલત નુ મંતવ્ય છે કે રજીસ્ટ્રેશન થવુ ફરજીયાત છે. રજીસ્ટ્રેશન એકટ તે સને ૧૯૬૩ ની સાલ પહેલા અમલ માં આવેલ છે અને આ દસ્તાવેજ તે ૧૯૬૩ ની સાલમાં થયેલો છે. ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ–૯૦ મુજબ દસ્તાવેજ ને માની લેવાનો છે પણ સાથે કાયદાની મર્યાદાઓને પણ લક્ષ માં લેવી જોઈએ. રજીસ્ટ્રેશન એકટ કલમ ૧૭ નીચે મુજબ છે.

17. Documents of which registration is compulsory.

(1) The following documents shall be registered, if the property to which they relate is situate in a district in which, and if they have been executed on or after the date on which, Act XVI of 1864, or the Indian Registration Act, 1866, or the Indian Registration Act, 1871, or the Indian Registration Act, 1877, or this Act came or comes into force, namely,

(a) Instruments of gift of immovable property;

(b) Other non-testamentary instruments which purport or operate to create, declare, assign, limit or extinguish, whether in present or in future, any right, title or interest, whether vested or contingent, of the value of one hundred rupees and upwards, to or in immovable property;

(c) Non-testamentary instruments which acknowledge the receipt or payment of any consideration on account of the creation, declaration, assignment, limitation or extinction of any such right, title or interest; and

(d) Leases of immovable property from year to year, or for any term exceeding one year, or reserving a yearly rent;

(e) Non-testamentary instruments transferring or assigning any decree or order of a Court or any award when such decree or order or award purports or operates to create, declare, assign, limit or extinguish, whether in present or in future, any right, title

or interest, whether vested or contingent, of the value of one hundred rupees and upwards, to or in immovable property.

ઉપરોકત કાયદાકીય જોગવાઈ લક્ષ માં લેવામાં આવે તો રૂા.૧૦૦ કે તેથી વધુનો દસ્તાવેજ હોય તો રજીસ્ટ્રેશન થવુ ફરજીયાત છે. વધુમાં આંક–૮૮ વાળો દસ્તાવેજ લક્ષ માં લેવામાં આવે તો તે રૂા.૩૦૦/– નો વેચાણ દસ્તાવેજ છે અને રજીસ્ટ્રેશન થયેલ નથી એટલે કે આ દસ્તાવેજ ૩૦ વર્ષ જુનો છે પણ તે દસ્તાવેજ ને કાયદાનો બાધ આવે છે.

આંક–૮૮ વાળો દસ્તાવેજ તે કબજા સહિત નો દસ્તાવેજ છ અને જયારે કબજા સહિત નો દસ્તાવેજ હોય તો રજીસ્ટ્રેશન થવુ ફરજીયાત છે અને આ કામે આવો કોઈ રજીસ્ટ્રેશ કરેલ દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ નથી. આ કામે વાદી એ દાદ જે માંગેલ છે તે પ્રતિવાદી નં.૧ નાને કરી આપેલ વેચાણ દસ્તાવેજ રદ કરી આપવા માટે તથા તકરારી જગ્યા ઉપર તેઓનો કબજો છે તેને રક્ષણ આપવા માટે દાદ માંગેલ છે. જયારે અન રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ હોય તો પઝેશન પ્રોટેકટ થઈ શકે નહી. આ અદાલત ના ધ્યાન પર આવેલ નામદાર ગુજરાત હાઈકોર્ટ નો ચુકાદો જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે નીચે મુજબ છે.

2025 (0) AIJEL-HC 251609 GUJARAT HIGH COURT

Hon'ble Judges: Sanjeev J.Thaker

Devuben Mansingbhai Gadhavi

Versus

Jantibhai Bhagvanbhai

Second Appeal No. 479 of 2022 ; Civil Application No. 1 of 2020 ; Decided on:- 06-10-2025

Civil

An unregistered agreement holder in possession

cannot maintain a mere injunction suit to protect possession or prevent transfer, unless he proves a valid enforceable contract and seeks speci c performance – S. 53A of TP Act cannot be invoked to cure this defect.

ઉપરોકત નામદાર ગુજરાત હાઈકોર્ટ ના ચુકાદા માં પણ વચગાળા ના મનાઈ હુકમ ની અરજી માં પઝેશન પ્રોટેકટ કરેલ નથી અને હાલનો આ દાવો તે ફાઈનલ ઓર્ડર માટે છે. વધુમાં આ કામે આ અદાલતે વચગાળા ની મનાઈ અરજી માં યથાવત સ્થિતિ જાળવી રાખવાનો મારા અગાઉ ના અધિકારીશ્રી એ કરેલ છે. પણ કાયદાકીય સ્થિતિ જોતા રજીસ્ટ્રેશન એકટ ની કલમ ૧૭ મુજબ જયારે મિલ્કત નો કબજો સોંપાતો હોય તેવા સંજોગો માં રજીસ્ટ્રેશ થવુ ફરજીયાત છે. હાલના આવુ કોઈ રજીસ્ટ્રેશન થયેલ નથી. આ કામે વાદી એ આંક–૧ નીચે દાદ એડવર્સ પઝેશનની માંગેલ છે અને સ્વાભાવિક છે કે જે વ્યકિત જગ્યાનો માલીક હોય તેને એડવર્સ પઝેશનની દાદ માંગવાની ન હોય એટલે કે આ કામના વાદી ખરેખર માલકી હોય તો વિરૂઘ્ધ ના કબજા તરીકે દાદ માંગેલ છે. એક વ્યકિત એક સમયે એક જ ઘોડા પર મુસાફરી કરી શકે. વધુમાં હાલના આ કામે આંક–૮૮ થી જે વેચાણ દસ્તાવેજ ૧૯૬૩ ની સાલ નો રજુ કરેલ છે ત્યારથી વાદીનો કબજો છે તવું જણાવે છે અને એડવર્સ પઝેશનની રૂએ માલીકી ની પણ માંગણી કરેલી છે. આંક–૮૮ વાળો વેચાણ દસ્તાવેજ અન રજીસ્ટર્ડ છે અને ઉપર કરેલ ચર્ચા મુજબ અન રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અને તે પણ કબજા સહિત નુ કાયદા મુજબ વેલીડ નથી પણ જયારે વેચાણ થયુ ત્યારથી વાદી નો કબજો છે તો તે પરમીસીવ પઝેશન કહી શકાય.વધુમાં વાદી નુ તકરારી જગ્યા પર નુ પઝેશન કાયદેસર નુ છે તેમ ના કહી શકાય કારણ કે અન રજીસ્ટર્ડ દસ્તાવેજ તે મિલ્કત નો કબજો સોંપવામાં આવેલ છે તે કાયદા વિરૂઘ્ધ નો છે. એડવર્સ પઝેશનની દાદ થી માલીક બની શકે નહી.આમ

ઉપર કરેલ ચર્ચા મુજબ વાદી તેનો મુદદો દાવાવાળી જમીન તેમના મરહુમ પિતાશ્રી ખાંટ છબાજી ગંભીરજીનાઓને મરહુમ પ્રતિવાદી નં.ર ગલબાજી ગંભીરજીનાઓએ સને ૧૯૬૩માં રૂા.૩૦૦/–ના લેખિત કરારથી વેચાણ આપેલ અને ત્યારથી તેઓ માલીકી હકે દાવાવાળી જમીનનો કબજો ભોગવટો ધરાવે છે તેવુ સાબીત કરી શકેલ ન હોય મુદદા નંબર ૧ નો જવાબ નકાર માં આપુ છુ.

(૧ર) . મુદદા નં.ર ની ચર્ચા–

આ કામે આંક–૮૭ થી રજુ થયેલો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ લક્ષ માં લેવામાં આવે તો તેમાં જણાવ્યા મુજબ આ કામના પ્રતિવાદી નં.૧ નાએ અવેજ ની રકમ ચુકવેલી તેવુ જણાય છે અને આ રજીસ્ટ્રેશન થયેલો દસ્તાવેજ તે અન રજીસ્ટર્ડ દસ્તાવેજ કરતા રજીસ્ટર્ડ દસ્તાવેજ ની વેલ્યુ ઘણી વધારે છે. આ કામે આ અદાલતે મુદદા નં.૧ માં કરેલ ચર્ચા મુજબ આ કામના વાદી તકરારી જમીન ના અન રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ થી માલીક અને કબજેદાર બન્યા ની હકીકત ની ચર્ચા કરેલ છે અને તે મુજબ તથા એડવર્સ પઝેશનની રૂએ માલીક અને કબજેદાર છે તેવી હકીકત ની ચર્ચા આ અદાલતે મુદદા નં.૧ માં કરેલી છે. એડવર્સ પઝેશન થી માલીક કહી શકાય નહી. જો પઝેશન લક્ષ માં લેવામાં આવે તો પરમીસીવ પઝેશન કહી શકાય. વધુમાં લીમીટેશન એકટ આર્ટીકલ ૬૪ લક્ષ માં લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

આર્ટીકલ	દાવાનુ વર્ણન	સમય મર્યાદા	જયારથી સમય પસાર થવાનુ શરૂ થાય છે.
૬૪	જયારે વાદી સ્થાવર મિલકતો કબજો ધરાવતો હોય અને ત્યારે તેની પાસેથી કબજે લઈ લેવામાં આવેલ હોય તો સ્વત્વાધિકાર ના	બાર વર્ષ	વાદી પાસેથી કબજો લઈ લીધાની તારીખથી

	આધારે નહિ પરંતુ અગાઉના કબજાના આધારે સ્થાવર મિકલતના કબજા માટે		

આમ આર્ટીકલ ૬૪ મુજબ વાદી નો સતત બાદ વર્ષ કે તેથી વધુ પઝેશન હોય તો તે આધારે કોઈ વ્યકિત ની રોકટોક વગર ઉપયોગ અને ઉપભોગ કરતા હોય તેવા સંજોગો માં એડવર્સ પઝેશનની પ્લી કહી શકાય. વધુમાં આ કામે પ્રતિવાદી નં.૨/૧ થી ૨/૩ નાએ જે વેચાણ દસ્તાવેજ કરેલ છે તે વેચાણ દસ્તાવેજ રજીસ્ટ્રેશન થયેલો છે અને અવેજ સહિત નો છે. વધુમાં આ કામે વાદી જે દાવો લઈ ને આવેલ છે તે સબંધે આંક– ૮૮ નો દસ્તાવેજ મુદદા નં.૧ માં ચર્ચા કર્યા મુજબ તેનાથી વાદી માલીક બની શકતા નથી અને આ કામે વાદી તરફે એડવર્સ પઝેશનની પ્લી લાવેલા છે પણ તે સબંધે કોઈ આધારભુત પુરાવો આ કામે રજુ રાખેલ નથી. વધુમાં પાણીપત્રક વાદી ના નામે થયેલ તેવી હકીકત લાવેલ છે અને તે રદ પણ થયેલ છે તેવી હકીકત રેકર્ડ પર આવેલ છે. માત્ર રેવન્યુ નોંધ ના આધારે સીવીલ રાઈટ નકકી થઈ શકે નહી. રેવન્યુ નોંધ તે ફીસકલ એન્ટ્રી છે અને તે સિવિલ રાઈટ નકકી કરી શકે નહી. વધુમાં તેઓ સતત કબજા ભોગવટા માં છે અને લીમીટેશન એકટ આર્ટીકલ ૬૪ ના ઈનગ્રીડન્ટ તે સબંધે વાદી તરફે કોઈ પુરાવો આપવામાં આવેલ નથી. વધુમાં આ કામે જે રજુ થયેલ આંક–૮૮ નો દસ્તાવેજ છે તે આધારે માત્ર ઝેરોક્ષ નકલ ટ્રુ–કોપી આ કામે રજુ રાખેલ છે. હાલના આ દાવા ના કામે આ ટ્રુ–કોપી તે સંયોગીક પુરાવો છે અને સંયોગીક પુરાવો હોય તો વાદી એ તે ડોકયુમેન્ટ સાબીત કરવા જોઈએ જે આ કામે રજુ કરેલ આંક–૮૮ વાળો દસ્તાવેજ તે સામાન્ય કરાર છે અને તે દસ્તાવેજ ના આધારે ખરી નકલ સાથે મેળવીને ટ્રુ–કોપી કરાવેલ છે તો તે સબંધે વાદી

એ તે ટ્રુ–કોપી સાચી છે કે કેમ તે અંગે સંયોગીક પુરાવો આપવો જોઈએ તે આપેલ નથી. એટલે કે આ દસ્તાવેજ જે છે તે સાબીત થતો નથી તેમ પણ કહી શકાય અને પ્રતિવાદી તરફે આંક–૮૭ થી જે દસ્તાવેજ રજુ રાખેલ છે તે રજીસ્ટ્રેશન થયેલો છે અને રજીસ્ટ્રેશન થયેલો દસ્તાવેજ હોય તો તેને ગેરકાયદેસર કહી શકાય નહી.

2026 (0) AIJEL-SC 76507 SUPREME COURT OF INDIA (FROM - KARNATAKA HIGH COURT) Hon'ble Judges: Rajesh Bindal,

Manmohan Hemalatha (D) By Lrs.

Versus

Tukaram (D) By Lrs.

Civil Appeal No. 6640 of 2010 ;

Decided on:- 22-01-2026

Civil

Registered Sale Deed carries with it a formidable presumption of validity and genuineness - registration is not a mere procedural formality but a solemn act that imparts high degree of sanctity to document Court must not lightly or casually declare a registered instrument as a "sham".

(a) Evidence Act, 1872 - S. 91, 92 - agreement of sale - registered Sale Deed - presumption about validity and genuineness of documents - a registered Sale Deed carries with it a formidable presumption of validity and genuineness - registration is not a mere procedural

formality but a solemn act that imparts high degree of sanctity to document - Court must not lightly or casually declare a registered instrument as a "sham" - there is presumption that a registered document is validly executed - a registered document, prima facie would be valid in law - onus of proof would be on a person who leads evidence to rebut presumption - such a challenge can only be sustained if party provides material particulars and cogent evidence to demonstrate that Deed was never intended to operate as a bona de transfer of title grounds typically accepted to challenge a registered Deed at the instance of vendee/executant are fraud or want of capacity in any party or mistake of fact or fundamental illegality like where Deed was executed under deceit or sold by a fraudster who did not own land or where Deed was executed without consideration - if sanctity of registered documents is diluted, it would erode public con dence in property transactions and jeopardize security of titles - in a society governed by Rule of Law, registered documents must inspire certainty; they cannot be rendered precarious by frivolous litigation - as both Sale Deed and Rental Agreement in question are registered, there is very strong presumption about validity and genuineness of documents in question.

આમ ઉપર નામદાર સુપ્રિમ કોર્ટના જજમેન્ટ માં જણાવ્યા મુજબ આ દસ્તાવેજ ની વિશ્વસનીયતા ઘણી વધારે છે. વધુમાં આ કામે વાદી એ રજુ રાખેલ આંક–૮૭ વાળો દસ્તાવેજ તે અન રજીસ્ટર્ડ છે. વધુમાં તે દસ્તાવેજ ને વાદી એ સાબીત કરવો જોઈએ જે દસ્તાવેજ નીચે સહી કરનાર વ્યકિતો સાક્ષી ઓ અવસાન થયેલ છે કે હયાત છે તે અંગે કોઈ આધાર પુરાવો રજુ કરેલ નથી અને તેઓને સાક્ષી તરીકે તપાસેલા નથી અને તે સબંધે આ કામે વાદી તરફે જે સાક્ષી ઓ થી ૧૯૬૩ ના દસ્તાવેજ માં સહી કરેલી છે તે સહી કરનાર સાહેદો અંગે પણ કોઈ પુરાવો રજુ રાખેલ નથી. વધુમાં પ્રથમ તો વાદી એ તકરારી જગ્યાના માલીક અને કબજેદાર છે તે હકીકત સાબીત કરવી જોઈએ જે આ કામે મુદદા નં.૧ માં ચર્ચા કર્યા મુજબ તે હકીકત વાદી સાબીત કરી શકયા નથી અને એ હકીકત પણ સાબીત કરી શકયા નથી કે દાવાવાળી જમીનનો પ્રતિવાદી નં.૨/૧ થી ૨/૩નાઓએ પ્રતિવાદી નં.૧ ને કરી આપેલ વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસરનો અને રદબાતલ છે તેવુ સાબીત કરી શકેલ ન હોય મુદદા નં.૨ નો જવાબ હકાર માં આપુ છું.

<u>(૧૩) . મુદદા નં.૩ ની ચર્ચા–</u>

આ કામે મુદદા નં.૩ તે અંગે આ કામના પ્રતિવાદી નં.૧ નાએ સી.પી.સી.૭ રૂલ ૧૧ ડી મુજબ દાવો કાઢી નાખવા માટે અરજી આપેલી છે તે સબંધે વાદી ની દલીલ એ હતી કે આ મુદદા સબંધે લીમીટેશ નો બાધ આવતો નથી કે કારણ કે આ મુદદો આંક–૧૬ થી નકકી થઈ ગયેલ છે. રેકર્ડ વંચાણે લેતા આંક–૧૬ માં મારા અગાઉના અધિકારી શ્રી તારીખ ૨૧/૧૨/૧૮ ના રોજ ઓર્ડર કરેલ છે અને તેમાં ચર્ચા કર્યા મુજબ જયારે લીમીટેશન માં મુદદો હોય તો અદાલતે પુરાવો નોંધવો જોઈએ અને તે કારણ થી આંક–૧૬ ની અરજી નામંજુર કરેલી એટલે કે આ અરજી નામંજુર કરવાથી મુદદા નં.૩ નકકી થયેલ છે તેમ કહી શકાય નહી.

હાલના આ કામે જે દસ્તાવેજ ના આધારે આ દાવો દાખલ કરેલ છે તે દસ્તાવેજ ૧૯૬૩ ની સાલ નો છે અને આ કામમાં પ્રતિવાદી નં.ર અને ૩ નાએ રજીસ્ટ્રેશન વેચાણ દસ્તાવેજ તે તારીખ ૦૯/૦૯/૨૦૧૬ ની રોજ નો છે. આ સમય દરમ્યાન વાદી એ જે ખેતી ની જમીન સબંધે કોઈ કાર્યવાહી કરેલ નથી અને પ્રતિવાદી નં.ર તથા ૩ ના સામે કોઈ કાર્યવાહી કરેલ ન હોય અને જે વેચાણ કરાર જે કરવામાં આવેલ છે તે મુજબ પાકો દસ્તાવેજ પણ કરાવેલ ન હોય અને હાલનો આ દાવો માત્ર જે કારણ દર્શાવેલ છે એટલે કે કોઝ ઓફ એકશન દર્શાવેલ છે તેમાં આંક–૧ માં દર્શાવ્યા મુજબ આ કામના પ્રતિવાદીઓએ છેલ્લા ચાર દિવસથી દાવાવાળી જમીનમાં આવી, તમો વાદીઓને દાવાવાળી જમીનનો કબજો છોડી દેવા ધાક–ધમકી આપી ત્યારથી તથા ધમકી આપવાનું ચાલુ રાખેલ છે. ત્યારથી આપ ના.કોર્ટની હકુમતમાં ઉપસ્થિત થયેલ છે.

ઉપરોકત કોઝ ઓફ એકશન દર્શાવેલ છે તે રૂટીન કોઝ ઓફ એકશન કહી શકાય. કોઝ ઓફ એકશન માં બીજી એવી કોઈ હકીકત દર્શાવેલ નથી કે જેના કારણે દાવો કરવા માટે તેઓને ફરજ પડેલ હોય. વધુમાં વાદી એ આ દાવો તા.ર૪/૬/૨૦૧૭ ના રોજ દાખલ કરેલ છે અને રેકર્ડ વંચાણે લેતા આ કામના વાદી એ પ્રતિવાદી નં.ર/૧ થી ર/૩ નાને આંક–૮૮ થી રજુ કરેલ દસ્તાવેજ ને રજીસ્ટ્રેશન કરવા માટે કોઈ લેખીત જાણ કરેલ નથી કે કોઈ નોટીસ આપેલ નથી કે તે સબંધે કોઈ પુરાવો આપેલ નથી. વધુમાં રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તારીખ ૦૯/૦૯/૨૦૧૬ ના રોજ થયેલ છે. જો ખરેખર વાદી માલીક હોય તો ત્યારે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ થાય તો ખરેખર જે માલીક હોય તેને તે સબંધે વાંધો હોય તો ઓથેન્ટીક ઓથોરીટી તેઓને નોટીસ મોકલે છે અને જો વાંધો હોય તો તેના વાંધાની નોંધ પણ કરે છે એટલે કે રેકર્ડ પર આ કામના વાદી માલીક સાબીત થતા નથી

અને સમય મર્યાદા ગણવામાં આવે તો ૧૯૬૩ થી આ દાવો દાખલ કર્યા ત્યાં સુધીની સમયમર્યાદા કહી શકાય છે. આ વિલંબ અંગે દાવા અરજી માં કોઈ સ્પષ્ટતા નથી. જયારે આંક–૮૮ વાળા દસ્તાવેજ ને આધાર રાખી ને દાવો દાખલ કરતા હોય તો તે અંગેની સ્પષ્ટતા થવી જરૂરી છે. વધુમાં આ દાવામાં જે દાદ માંગવામાં આવેલ છે તે લક્ષ માં લેવામાં આવે તો નીચે મુજબની દાદ પેરા (ક) માં માંગેલ છે આ કામના પ્રતિવાદી નં.૨/૧ થી ૨/૩ નાઓના મર્હુમ પિતા ખાંટ ગલબાજી ગંભીરજીનાઓએ દાવાવાળી જમીનનો ૧૯૬૩ માં તમોના મહુમ પિતાને કરેલ વેચાણ ખત મુજબનું પાલન કરે તે પ્રકારે હુકમનામુ કરી આપવા અરજ કરેલ છે.

ઉપરોકત દાદ તે સ્પેસીફીક પર્ફોમન્સ ની દાદ કહેવાય અને જયારે સ્પેસીફીક પર્ફોમન્સ અંગે દાદ માંગેલ છે ત્યારે લીમીટેશન એકટ ની કલમ ૫૪ લક્ષ માં લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

આર્ટીકલ	**દાવાનુ વર્ણન**	**સમય મર્યાદા**	**જયારથી સમય પસાર થવાનુ શરૂ થાય છે.**
૫૪	કરારનો વિશિષ્ટ અમલ કરાવવા માટે	ત્રણ વર્ષ	કરાર ના અમલ માટે નિયત થયેલ તારીખથી અથવા કરારના અમલ માટે કોઈ તારીખ નિયત થઈ ન હોય તો કરાર નો અમલ કરવાનો ઈન્કાર કરવામાં આવ્યો છે એવી વાદી ને જાણ થાય ત્યારથી

આમ ઉપર મુજબનુ કાયદાકીય પ્રોવીઝન લક્ષ માં લેવામાં આવે તો

ત્રણ વર્ષ માં દાવો દાખલ કરવો જોઈએ. આ કામે આંક–૮૮ વાળો દસ્તાવેજ લક્ષ માં લેવામાં આવે તો તેમાં સમયમર્યાદા દર્શાવેલ નથી પણ આ કામના વાદી એ પ્રતિવાદી નં.૨/૧ થી ૨/૩ નાને પાલન કરવા માટે નોટીસ આપેલ હોય તેવુ રેકર્ડ પરથી જણાઈ આવતુ નથી. વધુમાં વાદી ના કથન મુજબ તેઓ માલીક અને કબજેદાર છે તો તે સબંધે વાદી એ રેડીનેસ અને વીલીંગનેસ બતાવવી જોઈએ જે આ રેકર્ડ પર જણાઈ આવતુ નથી. સામાન્ય પ્લીડીંગ પણ વીલીંગનેસ નુ દર્શાવેલ નથી. આમ જે દિવસે વાદી નો આંક–૮૮ વાળો જે દસ્તાવેજ થયો છે ત્યારથી તેઓના નોલેજ માં છે તેમ માની લેવાય અને ૧૯૬૩ ની સાલથી સમયમર્યાદાની ગણતરી થાય અને આ દાવો સને ૨૦૧૭ માં દાખલ કરેલ છે જેથી હાલના આ દાવા ને સમયમર્યાદાનો બાધ આવે છે તેવુ રેકર્ડ પર સાબીત થાય છે તેવા સંજોગોમાં આ કામના પ્રતિવાદી સાબીત કરવામાં સફળ રહેલ છે કે હાલના દાવાને સમયમર્યાદાનો બાધ આવે છે. જેથી મુદદા નં.૩ નો જવાબ હકાર માં આપુ છું.

<u>(૧૪) . મુદદા નં.૪ ની ચર્ચા–</u>

હાલના આ કામે આંક–૮૮ વાળા દસ્તાવેજ અંગે આ અદાલતે ચર્ચા કરેલી છે અને તે દસ્તાવેજ ખોટો છે , બનાવટી છે અને ઉભો કરેલો દસ્તાવેજ છે તે સબંધે પ્રતિવાદી તરફે કોઈ પુરાવો રજુ રાખેલ નથી. વધુમાં આ દસ્તાવેજ ૩૦ વર્ષ ઉપરાંત ના સમય બાદ અદાલત માં રજુ થયેલ છે અને તે દસ્તાવેજ પ્રો પર કસ્ટડી માંથી રજુ થયેલ છે. ભારતીય પુરાવા અધિનિયમ કલમ–૯૦ મુજબ આવા દસ્તાવેજો ને માની લેવાના હોય છે એટલે કે વાદી એ રજુ રાખેલ પુરાવો બનાવટી કે ઉભો કરેલ છે તેમ કહી શકાય નહી. આમ આ મુદદો સાબીત કરવામાં પ્રતિવાદી સફળ રહેતા ના હોય મુદદા નં.૪ નો જવાબ નકાર માં આપુ છુ.

(૧૫) . મુદદા નં.૫ ની ચર્ચા–

આ અદાલતે મુદદા નં.ર માં ચર્ચા કર્યા મુજબ આ કામમાં વાદી એ મુદદો સાબીત કરવામાં સફળ રહેલા નથી અને આ કામે તે મુદદો લક્ષ માં લેવામાં આવે તો મુદદા નં.૫ જે નીચે મુજબ છે. પ્રતિવાદી નં.૨/૧ થી ર/૩ દ્બારા પ્રતિવાદી નં .૧ની તરફેણમાં દાવાવાળી જમીનનો કરવામાં આવેલ વેચાણ દસ્તાવેજ કાયદેસરનો છે તેવુ મુદદા નં.ર થી સાબીત થયેલ છે.વધુમાં આ કામના પ્રતિવાદી નં.૧ ના તે બોનાફાઈડ પરચેઝર પણ કહી શકાય તેવા સંજોગો માં મુદદા નં.૫ નો જવાબ હકાર માં આપુ છુ.

(૧૬) . મુદદા નં.૬ ની ચર્ચા–

આ અદાલતે મુદદા નં.૧ ,ર ની ચર્ચા કરેલ છે અને તેમાં વાદી એવુ સાબીત કરવામાં સફળ રહેલ નથી અને આ દાવા કામે આ બંને મુદદા અતિ મહત્વના છે અને આ અદાલતે મુદદા નં.૩ માં કરેલ ચર્ચા મુજબ હાલના આ દાવા ને સમય મર્યાદા નો બાધ આવે છે. વધુમાં આ અદાલતે પુરાવા ના મુલ્યાંકન માં કરેલ ચર્ચા મુજબ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ થી પ્રતિવાદી નં.૧ ના તે તકરારી જમીન માં માલીક બનેલા છે અને પ્રતિવાદી નં.૧ નાએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નો અવેજ પણ આપેલ છે અને આમ બોનાફાઈડ પરચેઝર પણ કહી શકાય આમ ઉપરોકત તમામ સંજોગો લક્ષ માં લેવામાં આવે તો વાદી એ નીચે મુજબની દાદ માંગેલ છે.

(અ) તમો વાદીઓની દાવાવાળી જમીન સ્વતંત્ર માલીકી અને પ્રત્યક્ષ કબજાભોગવટાની ખેતીની જમીન મોજે મોડાસા તાલુકો બાજકોટ ગામની સીમમાં ખાતા નં.૨૧૧ બ્લોક/સર્વે નં.૧૪ જેનો જુનો સર્વે નં. ૨ નું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૧–૬–૯૦ નો રજી.વેચાણ દસ્તાવેજ નં.૩૧૮૨ રૂ.૫,૫૧,૦૦૦/– તા.૯–૯–૧૬ નો મોડાસા સબ–રજીસ્ટ્રાર કચેરીએ નોંધાયેલ છે. તે દસ્તાવેજ ખોટો હોઈ, રદ –બાતલ જાહેર કરવા હુકમ કરવા અરજ કરેલ છે.

(બ) આ દાવાના પેરા–૧માં જણાવેલ હદખૂંટ વચ્ચેની દાવાવાળી જમીન મોજે મોડાસા તાલુકો બાજકોટ ગામની સીમમાં ખાતા નં.૨૧૧ બ્લોક/સર્વે નં.૧૪ જેનો જુનો સર્વે નં. ૨ નું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૧–૬–૯૦ સર્વે નં. ૨ નું ટ્રોત્રફળ હે.આરે.ચો.મી.૧–૬–૯૦ તે દાવાવાળી તમો વાદીઓની માલીકી કબજા ભોગવટાની જમીનમાં આ કામના પ્રતિવાદીઓ, તેમના માણસો,તેમના સગા–સંબંધીઓ,તેમના એજન્ટો,નોકરો પ્રવેશ કરે–કરાવે નહી. તથા દાવાવાળી જમીનનો કબજો તમો વાદીઓ પાસેથી પડાવી લે–લેવડાવે નહી. દાવાવાળી જમીનમાં ખેતી કામ કરતા તમો વાદીઓને અડચણ –અંતરાય ઉભો કરે–કરાવે નહી. તેવો વાદીઓના લાભમાં તથા પ્રતિવાદીઓ વિરૂધ્ધ કાયમી હુકમ કરવા અરજ કરેલ છે.

(ક) આ કામના પ્રતિવાદી નં.૨/૧ થી ૨/૩ નાઓના મર્હુમ પિતા ખાંટ ગલબાજી ગંભીરજીનાઓએ દાવાવાળી જમીનનો ૧૯૬૩ માં તમોના મહુમ પિતાને કરેલ વેચાણ ખત મુજબનું પાલન કરે તે પ્રકારે હુકમનામુ કરી આપવા અરજ કરેલ છે.

(ડ) આ દાવાના પેરા–૧ માં જણાવેલ હદખૂંટ વચ્ચેની મોજે મોડાસા તાલુકો બાજકોટ ગામની સીમમાં ખાતા નં.૨૧૧ બ્લોક/સર્વે નં.૧૪ જેનો જુનો સર્વે નં. ૨ નું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૧–૬–૯૦ છે. દાવાવાળી જમીનના તમો વાદીઓ છેલ્લા ૫૩ વર્ષથી એડવર્સ પજેશનથી તથા વેચાણ ખતથી માલીક કબજેદાર બનેલ છો . તેવો ઠરાવવા હુકમ કરવા અરજ છે.

(ઈ) સદર દાવાવાળી જમીનનો પ્રતિ.નં.૨/૧ થી ૨/૩ નાઓએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી પ્રતિ.નં.૧ નાઓને વેચાણ આપેલ છે.તે દાવાવાળી જમીન પ્રતિ.નં.૧ અન્યને વેચાણ યા અન્ય કોઈ રીતે તબદીલ કરે–કરાવે નહી, કે તેની સ્થળ સ્થિતિમાં ફેરફાર કરે–કરાવે નહી. કે તેની સ્થળ સ્થિતિમાં ફેરફાર કરે–કરાવે નહી. અને યથાવત સ્થિત જાળવી રાખે અને સદરહું દાવાવાળી જમીન ઉપર અન્ય કોઈપણ સંસ્થાનો નાણાંકીય બોજો કરાવે નહી.તેવો હુકમ કરવા અરજ કરેલ છે.

આમ ઉપર મુજબની દાદ માંગેલ છે જે આ અદાલતે મુદદા નં.૧ થી ૫ માં કરેલ ચર્ચા મુજબ આ કામના વાદી એ ઉપર મુજબની દાદ મેળવવા હકદાર થતા ન હોય ન્યાય ના વિશાળ હિત માં નીચે મુજબ હુકમ કરુ છુ.

–:હુકમ:–

(૧) વાદીનો હાલનો આ દાવો નામંજુર કરુ છુ.

(૨) વધુમાં ફરમાવું છું કે, આ કામે આંક–૫ નીચે સ્ટેટસ કો નો જે હુકમ થયેલ છે તે હુકમ ને વેકેટ કરવા હુકમ કરુ છુ.

(૩) આ કામમાં વાદી તથા પ્રતિવાદીએ પોત–પોતાનો ખર્ચ ભોગવવો.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

આ હુકમ આજરોજ, **તા.૨૩ મી,** માહે **જુન,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૩.૦૬.૨૦૨૬
મોડાસા.

(મનોજ શંભુપ્રસાદ દવે)
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,
મોડાસા.
Judge Code No.GJ-00760

ગુજરાતી સ્ટેનોગ્રાફર
કે.એસ.વણકર